

P.07

અભિનેત્રી રશ્મિકા મંદન્નાએ બે ફિલ્મોથી ૨૫૦૦ કરોડથી વધુની કમાણી કરી

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673



P.07

અલ્લુ અર્જુન વતી કોઈ પીડિતોના ઘરે ગયો હોત તો સારું થાત : પવન કલ્યાણ


તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૪૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર સુદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 143 • Dt. 01-01-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


લગ્ન સમારોહમાં જઈ રહેલા લોકોથી ભરેલી ટ્રક નદીમાં પડી । ૭૧ના મોત 07



01 JANUARY- 2025 WEDNESDAY




07 કટરામાં છેલ્લા પાંચ દિવસથી દુકાનો અને રેસ્ટોરાં જેવી આવશ્યક સેવાઓ બંધ છે

### આગામી એક સપ્તાહ દરમ્યાન રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે

# ગુજરાત રાજ્યમાં દાંત કડકડાવતી અને ગાત્રો થીજવતી ઠંડીની આગાહી અપાઈ

**આજે હવામાનના જણાવ્યા મુજબ અમદાવાદમાં ૧૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું । અમદાવાદમાં ૧૪ ડિગ્રી આસપાસ તાપમાન રહેવાની શક્યતા રહેલી છે**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૩૧

અમદાવાદ સહિત ગુજરાતભરમાં ભારે ઠંડી પડી રહી છે અને હવામાન વિભાગે આગામી સપ્તાહને લઈ આગાહી કરી હતી. જેમાં આગામી એક સપ્તાહ દરમ્યાન રાજ્યમાં ઠંડીનો ચમકારો વધશે. ત્યારે બીજી તરફ તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો છે.હવામાન વિભાગની ઠંડીને લઈને આગાહી સામે આવી છે. જેમાં આજે હવામાનના જણાવ્યા મુજબ અમદાવાદમાં ૧૩.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં ૧૪ ડિગ્રી આસપાસ તાપમાન રહેવાની શક્યતા રહેલી છે. ૨૪ કલાકમાં ૧.૩ ડિગ્રી તાપમાન ઘટ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારે ગાંધીનગરમાં ૧૦.૬ ડિગ્રી તાપ માન નોંધાયું છે. અને નલિયામાં



સૌથી ઓછું ૬.૫ ડિગ્રી તાપ માન નોંધાયું હતું.સૌરાષ્ટ્રની વાત કરવામાં આવે તો સૌરાષ્ટ્રમાં તાપમાન વધતા ઠંડીમાં ઘટાડો જોવા મળ્યો નથી. પરંતુ ઉત્તર ગુજરાતમાં ઠંડીનો ચમકારો દેખાઈ રહ્યો છે. ત્યારે વર્ષના અંતે વધતી જતી ઠંડીને લઈ લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. વામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા મુજબ ઉત્તરથી ઉત્તર પૂર્વ પવન ફૂંકાતા ઠંડીનો ચમકારો જોવા મળશે. અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ પંજાબ અને હરિયાણામાં ફંકાયેલ પવનના કારણે કરા પ ડવા સહિતનો અનુભવ થઈ શકે છે. જોકે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ભાગોમાં ઠંડી પડશે. જેમાં કચ્છ અને નલિયામાં ઠંડીનો પારો વધવાની શક્યતા છે. જ્યારે રાજકોટ અને જૂનાગઢના ભાગોમાં તાપ માન ૧૨ ડિગ્રીથી ઓછું જવાની શક્યતા છે. ત્યારે ૧૨ થી ૧૮ જાન્યુઆરી રાજ્યના કેટલાક ભાગોમાં કમાસમી વરસાદ પ ડી શકે છે.બીજી તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી અનુસાર જાન્યુઆરી મહિનમાં હવામાનમાં ભારે પલટો આવી શકે છે. ૪ થી ૮ જાન્યુઆરીમાં ગુજરાતમાં કડકડતી ઠંડી પડવાની સંભાવના છે.
















મારો વિસ્તાર
મારો અવાજ

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Wednesday
01-01-2025

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

પીવીસી રેઝિન અથવા પ્લાસ્ટિક ગ્રાન્યુલ્સ ધરાવતા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું

# મુન્દ્રા પોર્ટ ઉપર ગેરકાયદેસર રીતે દાણચોરી પકડાઇ । ૩ કરોડની ૫૩ ટન સોપારી જપ્ત કરાઇ

## કસ્ટમ અધિકારીઓને બાતમી મળી હતી કે પ્લાસ્ટિકના દાણાના બહાને દુબઈથી મુંદ્રા પોર્ટમાં સોપારીની દાણચોરી કરવામાં આવી

। પ્રતિનિધિ, ભુજ, તા.૩૧ ।

મુન્દ્રા પોર્ટ ખાતે કસ્ટમ્સ સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચે ૩ કરોડની કિંમતની ૫૩ ટન સોપારી જપ્ત કરી છે. એક સૂચનાના આધારે, ટીમે બે કન્ટેનરને અટકાવ્યા અને તપાસ કરી હતી. કસ્ટમ અધિકારીઓને બાતમી મળી હતી કે પ્લાસ્ટિકના દાણાના બહાને દુબઈથી મુંદ્રા પોર્ટમાં સોપારીની દાણચોરી કરવામાં આવી રહી છે.મુન્દ્રા ખાતે કસ્ટમ્સના પ્રિન્સિપલ કમિશનર કે એન્જિનિયરે તપાસની આગેવાની કરી અને કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં એક યુનિટ માટે બંધાયેલા બે કન્ટેનર જપ્ત કર્યા. તેઓ પીવીસી રેઝિન અથવા પ્લાસ્ટિક ગ્રાન્યુલ્સ ધરાવતા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. તપાસ કરતાં અંદરથી ૫૩ ટન સોપારી મળી આવી હતી. જપ્ત કરાયેલા માલની બજાર કિંમત ૩ કરોડ રૂપિયા હોવાનો અંદાજ છે.આ ઘટનાએ દાણચોરી માફિયાઓ વિશે ફરી ચર્ચાઓ શરૂ કરી છે, જે અગાઉ આવા જ કૌભાંડોમાં ફસાયા હતા. ભારતીય બજારોમાં આશરે ?૪૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાતી સોપારી, મ્યાનમાર, શ્રીલંકા અને થાઈલેન્ડ જેવા દેશોમાં નોંધપાત્ર રીતે નીચા ભાવે ઉપલબ્ધ છે, જ્યાં તેમની માંગ ઓછી છે. સોપારી પરની આયાત શુલ્ક દર મહિને બદલાય છે, જે કાનૂની વેપારને ઓછો નફાકારક બનાવે છે. પરિણામે, ડ્યુટી ટાળવા દુબઈ મારફતે ભારતમાં સોપારીની દાણચોરી એક આકર્ષક રેકેટ બની ગયું છે.૪ વર્ષ પહેલા કચ્છમાં પ્રથમ સોપારીની દાણચોરીનો મામલો સામે આવ્યો હતો જેમાં અનેક પોલીસ અધિકારીઓ સંડોવાયેલા હતા. ૪ કરોડના સોપારી રેકેટના સંબંધમાં ચાર અધિકારીઓને સસ્પેન્ડ કર્યા પછી, તપાસ અધૂરી રહી છે.





ભૂતપૂર્વ આઈપીએસ અધિકારીના સંબંધી અને રાજકીય નેતાઓની સંડોવણીના આક્ષેપો પણ સપાટી પર આવ્યા છે. આ તાજેતરની ઘટનાએ ભૂલી ગયેલા કૌભાંડને ફરીથી સ્પોટલાઈટમાં લાવી દીધું છે. મુન્દ્રા પોર્ટ ખાતે કસ્ટમ્સ સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચે ૩ કરોડની કિંમતની ૫૩ ટન સોપારી જપ્ત કરી છે. એક સૂચનાના આધારે, ટીમે બે કન્ટેનરને અટકાવ્યા અને તપાસ કરી હતી. કસ્ટમ અધિકારીઓને બાતમી મળી હતી કે પ્લાસ્ટિકના દાણાના બહાને દુબઈથી મુંદ્રા પોર્ટમાં સોપારીની દાણચોરી કરવામાં આવી રહી છે.મુન્દ્રા ખાતે કસ્ટમ્સના પ્રિન્સિપલ કમિશનર કે એન્જિનિયરે તપાસની આગેવાની કરી અને કંડલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં એક યુનિટ માટે બંધાયેલા બે કન્ટેનર જપ્ત કર્યા.

## વલસાડમાં ટ્યુશનમાં ભણતા કિશોરે જ કિશોરી પર દુષ્કર્મ આચર્યું

। પ્રતિનિધિ, વલસાડ, તા.૩૧ ।

વલસાડમાં કિશારી સાથે દુષ્કર્મની ઘટનાને પહલે ચકચાર મચી છે. આ બનાવમાં ટ્યુશનમાં ભણતા કિશોરે જ કિશોરી સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. વલસાડમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી કિશોરી સાથે મિત્રતા કેળવી બાદમાં યુવકે લલચાવી ફોસલાવી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.વલસાડ જિલ્લામાં નરાધમ શખ્સોનો ત્રાસ હજુ પણ યથાવત છે.હમણા થોડા દિવસ પહેલા જ ત્રણ વર્ષની માસુમ બાળકી સાથે દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી હતી. હજુ તો આ ઘટનાની સહી સુકાઈ નથી ત્યાં વધુ એક વલસાડ ખાતે ટ્યુશનમાં ભણતા કિશોરે કિશોરીને પ્રેમજાળમાં ફસાવીને દુષ્કર્મ આચર્યુ હોવાની ઘટના સામે આવી છે.મળતી માહિતી મુજબ, વલસાડની સગીરાને ટ્યૂશનની દોસ્તી ભારે પડી હોવાની ઘટના સામે આવી છે.

## રાજકોટ શાપર આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓને તાપણું કરવું ભારે પડ્યું

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૩૧ ।

રાજકોટના શાપરમાં આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારીભર્યો વીડિયો સામે આવ્યો હતો. જેમાં કર્મચારીઓ તાપણું કરતા જોવા મળ્યા હતા. વીડિયો વાયરલ થતાં તપાસ અધિકારીએ ૨ કરાર આધારિત કર્મચારીને ટર્મિનેટ કર્યા છે. ૨ કાયમી કર્મચારીને શો કોઝ નોટિસ આપવામાં આવી છે.રાજકોટ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં કર્મચારીઓની બેદરકારી સામે આવી હતી. શાપર આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓ કેમિકલ ભરેલા કેરબા પાસે તાપણું કરતો વીડિયો વાયરલ થયો હતો. જેથી લેબોરેટરી કે જેમાં જ્વલનશીલ કેમિકલ હોય ત્યાં તાપણું કરવાથી વિવાદ થયો છે. આરોગ્ય કેન્દ્રમાં ૧૫થી વધુ લોકો ઉપસ્થિત હતા. ઠંડીથી બચવા અન્યના જીવ જોખમમાં મુક્યા હતા. દર્દીને અન્ય દવા આપતા જાગૃત નાગરિકે વીડિયો વાયરલ કર્યો છે જેથી સત્ય સામે આવે. લોકોમાં રોષ ફેલાયો છે કે આરોગ્ય કેન્દ્રમાં કોઈ મોટી દુર્ઘટના ઘટે તો જવાબદાર કોણ ?

## કચ્છનાં માંડવીનાં ગોધરા ગામ પાસે અજાણ્યા શખ્સોએ હત્યા કરી દીધી

। પ્રતિનિધિ, ભુજ, તા.૩૧ ।

કચ્છના માંડવી તાલુકાના ગોધરામાં આજે વહેલી સવારે હત્યાની એક ઘટના બની હતી. આરોગ્ય વિભાગમાં કરાર આધારીત ફરજ બજાવતી યુવતી નોકરી માટે ઘરેથી નીકળી હતી. તે બસની રાહ જોઈ રહી હતી તે દરમિયાન જ એક બાઈક સવાર યુવકે આવીને ફિલ્મી સ્ટાઈલમાં તલવારના અનેક ઘા મારી યુવતીને રહેંસી નાખી હતી. જાહેરમાં હત્યાની ઘટના બનતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર પ્રસરી છે. સવારના ૬ વાગ્યાની આસપાસ યુવતીની હત્યાની ઘટના બનતા પોલીસ તંત્ર પણ દોડતું થયું છે.ગોધરા ગામે પોતાના ઘરેથી નોકરી જવા માટે નીકળેલી ગૌરી ગરવા નામની યુવતી વહેલી સવારે ૬ વાગ્યાના અરસામાં દુર્ગાપુર માર્ગે બસની રાહ જોઈ રહી હતી. ત્યારે બાઈક ઉપર આવેલા અજાણ્યા શખસે યુવતી ઉપર તલવાર વડે હુમલો કર્યો હતો. જાહેરમાં જ તલવાર અને ગુપ્તીના અસંખ્ય ઘા ઝીકીને યુવતીને રહેંસી નાખી હતી. જે બાદ આરોપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

## અમદાવાદમાં સ્કૂલે જતી ૯ વર્ષની બાળકીને કોર્પોરેશનની કચરાની ગાડીએ કચડી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૩૧ ।

અમદાવાદ શહેરના સરસપુર વિસ્તારમાં આજે સવારે એક કરુણ ઘટના બની છે. પરમાનંદની ચાલીમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરાની ગાડીએ નવ વર્ષની બાળકીને ટક્કર મારતાં તેનું મૃત્યુ થયું છે. ઈ-ડિવિઝન ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધીને ડ્રાઈવરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ મૃતક બાળકીની ઓળખ ફાતિમા કૌસર શાહબુદ્દીન શેખ તરીકે થઈ છે. તે સરસપુરમાં આવેલી ઉર્દુ શાળા નંબર એકમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતી હતી. આજે સવારે તે સાઈકલ લઈને સ્કૂલ જતી હતી ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની કચરા ગાડીએ ટક્કર મારી અકસ્માત કરતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત બાદ AMC કચરાની ગાડીનો ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

## બનાસકાંઠામાં ૧.૫ કરોડનો વીમો પકવવા માટે કબરમાંથી લાશ બહાર કાઢી કાંડ કર્યો

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૩૧ ।

બોલિવૂડની ફિલ્મને પણ ટક્કર મારે તેવો કિસ્સો સામે આવ્યો છે. બનાસકાંઠાના વડગામના ધનપુરા નજીક સળગીને ભડથું થયેલી કારમાંથી ભડથું થયેલી હાલતમાં મળેલા માનવ કંકાલમાં મોટો ભેદ સામે આવ્યો છે. જેમાં દલપતસિંહ પરમાર નામના વ્યક્તિએ પોતાના જ મોતનું પડયંત્ર રચ્યું હોવાનું સામે આવ્યુ છે. આ માણસે કરોડોના દેવામાંથી છૂટકારો મેળવવા માટે પોતાનો જ ૧.૫ કરોડનો વીમો પકવવાનું ષડયંત્ર રચ્યું હતુ.દલપતસિંહ પરમારનો વીમો ત્યારે જ પાકે જ્યારે તેનું મૃત્યુ થાય. જેથી ચાર મહિના પહેલા મરેલા વ્યક્તિની લાશ કબરમાંથી ખોદી લાવીને કારમાં મૂકી દીધી હતી. જે બાદ રાતે કારમાં મરેલા વ્યક્તિની લાશ મૂકીને સળગાવી દીધી હતી. જે બાદ દલપતસિંહ અને તેના તમામ મિત્રો ભાગી ગયા હતા. દલપતસિંહના ભાઈએ લાશને પોતાના ભાઈની છે તેમ ઓળખી બતાવીને પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે, આ કેસની તપાસમાં પોલીસે આ આખા રહસ્ય પરથી પડદો ઉઠાવીને કહીકત સામે લાવ્યા છે.વડગામના ધનપુરા ધાણધા ગામમાં શુક્રવારે પોલીસને એક સળગેલી કાર મળી આવી હતી. જેમાંથી એક લાશ પણ મળી હતી. કાર અને ડ્રાઈવર સીટ પર બેઠેલા વ્યક્તિની લાશ બળીને ખાક થયેલી હાલતમાં મળી આવી હતી.

ગીર સોમનાથ એલસીબીએ દારૂ ઘૂસાડવાનો પ્લાન નાકામ કર્યો હતો

# ગીર સોમનાથમાં બૂટલેગરોના ઉમંગ પર ફેરવ્યું પાણી । ૧૨ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો

। પ્રતિનિધિ, ગીરસોમનાથ,તા.૩૧ ।

બૂટલેગર ચોરવાડ ખાતે દમણથી દારૂ ભરી બોટને ડિલીવરી માટે લઈ જઈ રહ્યો હતો ત્યારે ૩૧મીની પાર્ટી પહેલા વેરાવળના દરિયાકિનારે ગીર સોમનાથ એલસીબીએ દારૂ ઘૂસાડવાનો પ્લાન નાકામ કર્યો હતો. રૂપિયા ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે ૨ શખ્સને ઝડપી પાડવામાં આવ્યા છે, ૫ને વોન્ટેડ જાહેર કરાયા છે. દમણથી બોટમાં દારૂનો જથ્થો ભરી કોડીનારના મૂળ બે બુટલેગરો એલસીબીના હાથે ઝડપાતા તેમના ઉમંગ પર પાણી ફેરવ્યું છે.વેરાવળના દરિયાકિનારે ૩૧જં પાર્ટીને લઈ ગુજરાત પોલીસ, એલસીબી બૂટલેગરોના, દારૂની હેરાફેરી કરનારાઓના કીમિયા નિષ્ફળ કરવા સઘન પેટ્રોલિંગ કરી રહી છે. બૂટલેગરો ફીશિંગ બોટમાં દમણથી ચોરવાડ જઈ રહ્યાં હતા. ત્યારે ગીર સોમનાથ એલસીબીએ ૨ ખાનગી બોટમાં શંકાસ્પદ માલસામનને આધારે બોટની તપાસ કરી, તેમજ પૂછપરછના આધારે દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. બોટમાંથી વિદેશી દારૂની ૧૦૫ પેટી, બિયરની ૧૯ પેટી, કિંમત રૂપિયા ૫.૨૫ લાખનો દારૂનો જથ્થો, બોટ, બે એન્જીન, મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.બોલિવૂડ ફિલ્મ રઈસની જેમ દારૂ ઘૂસાડવા સક્રિય બનેલા બૂટલેગરોએ દમણથી ફિશીંગ બોટમાં દારૂ ભરીને ત્રણ દિવસ પહેલાં નીકળ્યા હતા. જોકે, એલસીબીની ચાંપતી નજરે બૂટલેગરોનો કીમિયો નિષ્ફળ કર્યો હતો. રૂપિયા ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે ૨ શખ્સને ઝડપી પાડવામાં આવ્યા છે, ૫ને વોન્ટેડ જાહેર કરાયા છે. બૂટલેગર ચોરવાડ ખાતે દમણથી દારૂ ભરી બોટને ડિલીવરી માટે લઈ જઈ રહ્યો હતો ત્યારે ૩૧મીની પાર્ટી પહેલા વેરાવળના દરિયાકિનારે ગીર સોમનાથ એલસીબીએ દારૂ ઘૂસાડવાનો પ્લાન નાકામ કર્યો હતો. રૂપિયા ૧૨.૨૯ લાખના મુદ્દામાલ સાથે ૨ શખ્સને ઝડપી પાડવામાં આવ્યા છે, ૫ને વોન્ટેડ જાહેર કરાયા છે. દમણથી બોટમાં દારૂનો જથ્થો ભરી કોડીનારના મૂળ બે બુટલેગરો એલસીબીના હાથે ઝડપાતા તેમના ઉમંગ પર પાણી ફેરવ્યું છે.



પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૯૧૬ ટોલ ફ્રી નંબર અને વેબસાઈટ અમલી બનાવી

# પીવાના પાણીની સમસ્યાનું નિવારણ લાવશે રાજ્ય સરકાર । ગુજરાતમાં ટોલ ફ્રી નંબર જાહેર

**રાજ્યમાં વર્ષ ૨૦૧૮થી પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૪ X ૭ હેલ્પલાઇન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું**

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૩૧ ।

આજે ટેક્નોલોજી અને ઈન્ટરનેટનો યુગ છે ત્યારે રાજ્ય સરકારે પણ આ દિશામાં ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને રજૂઆતો- સમસ્યાઓનું નિવારણ લાવવાનું સુનિશ્ચિત કર્યું છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં પેયજળને લાગતી સમસ્યાને બનતી ત્વરાએ નિકાલ લાવવા પાણી પુરવઠા વિભાગ દ્વારા ૧૯૧૬ ટોલ ફ્રી નંબર અને વેબસાઈટ અમલી બનાવી છે.રાજ્યમાં વર્ષ ૨૦૧૮થી પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૪ ટ ૭ હેલ્પલાઈન સેન્ટર કાર્યરત કરવામાં આવ્યું છે. આ સેન્ટર અને વેબસાઈટ ઉપર અત્યાર સુધી ૧૮૨૪૬૪ રજૂઆતો નોંધાઈ છે. જે પૈકી ૧૮૨૩૩૧ એટલે કે ૯૯.૯૨ ટકા રજૂઆતોનો સંતોષકારક ઉકેલ- નિકાલ કરીને, 'જલ હી જીવન હે'ની વિભાવનાને સાચા અર્થમાં ચરિતાર્થ કરી છે.જીવન જીવવા માટે પાણી ખૂબ



જ આવશ્યક છે, ત્યારે ટકાઉ વિકાસ માટે પાણીની અગત્યતાને ગુજરાત સરકારે સારી રીતે સમજી, તેને સંલગ્ન અનેકવિધ પગલા- આગવી પહેલ હાથ ધરી છે. જેના પરિણામે રાજ્યના છેવાડાના માનવી સુધી શુદ્ધ પાણી તેમજ પાયાની તમામ સુવિધા પહોચાડી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં તેમજ જળ સંપત્તિ- પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા અને રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના સબળ નેતૃત્વમાં ગુજરાતે દેશભરમાં 'સુશાસન'ની એક આગવી ઓળખ ઊભી કરી છે.રાજ્યની બહેનોને જળ ક્ષેત્રે બહોળો અનુભવ અને જળલક્ષી તમામ માહિતી મળે તેવા ઉમદા આશયથી પાણી સમિતિઓ કાર્યરત છે, જેમાં ૫૦ ટકા મહિલાઓનું પ્રતિનિધિત્વ હોય છે. ઉપરાંત વાસ્મો દ્વારા ૭૦ ટકાથી વધુ મહિલા સભ્યો ધરાવતી દર વર્ષે ૧૫૦ મહિલા પાણી સમિતિને પ્રતિ સમિતિ રૂ. ૫૦ હજારની પ્રાત્સાહિત રકમ આપવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યભરની ૧૩૭૯ મહિલા સમિતિને અત્યાર સુધીમાં રૂ. ૬.૧૮ કરોડની પ્રોત્સાહિત રકમ આપવામાં આવી છે.સાથે જ, વાસ્મો દ્વારા મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા – તાલુકાકક્ષાએ તાલીમ શિબિર, પ્રેરણા પ્રવાસ જેવા વિવિધ કાર્યક્રમો યોજવવામાં આવે છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૮૫ તાલીમ- કાર્યશાળા અને ૨૪૧ પ્રેરણા પ્રવાસમાં અંદાજે ૪૧ હજારથી વધુ બહેનો સહભાગી થઈને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પોતાનું મહત્તમ યોગદાન આપી રહી છે.રાજ્ય સરકાર દ્વારા પાણી પુરવઠા વિભાગના કાર્યો, સંસાધનો, આયોજનનું સર્વગ્રાહી વ્યવસ્થાપન, માનવ સંસાધનો, ફરિયાદ નિવારણ, ફાઈનાન્સ અને સ્ટોર ઈન્વેન્ટરીનું સતત મોનીટરીંગ થાય તે માટે ઈઆરપી સોફ્ટવેર બનાવવામાં આવ્યું છે.

---

રાજ્યના પ્રવાસન વિભાગનો મહત્વનો નિર્ણય

## થોળ અને નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે । સરકારે ફાળવી ૫૦ કરોડની ગ્રાન્ટ

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૩૧ ।

રાજ્યના પ્રવાસન વિભાગનો મહત્વનો નિર્ણય કર્યો છે. વાસ્તવમાં આગામી દિવસોએ થોળ અને નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. આ અંગે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા બંને સ્થળોને વિકસાવવા ૨૫-૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. જેમાં ખાસ કરીને થોળ અને નળ સરોવર પક્ષી અભયારણ્યનો વધુ વિકાસ કરાશે. આ અંતર્ગત આર્કિટેકની નિમણુક કરી આયોજન પૂર્વકનું આકર્ષક બાંધકામ ચાલી રહ્યું છે.રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ આ અંગે જણાવ્યું હતું કે, થોળ અને નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. આ સાથે આ બંને સ્થળોને વિકસાવવા ૨૫-૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. જેમાં આર્કિટેકની નિમણુક કરી આયોજન પૂર્વકનું આકર્ષક બાંધકામ ચાલી રહ્યું છે. નોંધનિય છે કે, હવે આગામી દિવસોએ થોળ અને નળ સરોવર પક્ષી અભયારણ્યનો વધુ વિકાસ કરાશે. મહત્વનું છે કે, થોળ પક્ષી અભ્યારણ્ય ઉત્તર મહેસાણાના કડી તાલુકામાં આવેલાં થોળ ગામ પાસે આવેલું છે. જ્યારે નળસરોવર સાણંદથી આગળ અને વિરમગામ નજીક આવેલું પ્રખ્યાત સ્થળ છે. થોળ અને નળ સરોવર પક્ષી અભ્યારણ્ય છે. જ્યાં દર વર્ષે શિયાળામાં દેશ-વિદેશથી પક્ષીઓ આવતા હોય છે. અહીં દેશ-વિદેશના પક્ષીઓને એકસાથે ખુલ્લા આકાશમાં ઉડતા જોવા માટે પ્રવાસીઓ આવતા હોય છે. રાજ્યના પ્રવાસન વિભાગનો મહત્વનો નિર્ણય કર્યો છે. વાસ્તવમાં આગામી દિવસોએ થોળ અને નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. આ અંગે રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા બંને સ્થળોને વિકસાવવા ૨૫-૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે. જેમાં ખાસ કરીને થોળ અને નળ સરોવર પક્ષી અભયારણ્યનો વધુ વિકાસ કરાશે. આ અંતર્ગત આર્કિટેકની નિમણુક કરી આયોજન પૂર્વકનું આકર્ષક બાંધકામ ચાલી રહ્યું છે.રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ આ અંગે જણાવ્યું હતું કે, થોળ અને નળ સરોવરને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવાશે. આ સાથે આ બંને સ્થળોને વિકસાવવા ૨૫-૨૫ કરોડની ગ્રાન્ટ ફાળવાઈ છે.

---

## નર્મદા કેનાલમાંથી મળી આવેલા મૃતદેહને કચરા ગાડીમાં લાવવામાં આવ્યો

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૩૧ ।

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા હેમાંગ રાવલે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, "ગુજરાતમાં કડી નગરપાલિકામાં કેનાલ નજીક એક મૃતકની લાશ મળી આવેલ હતી અને મૃત્યુ પામેલ દિવંગતની લાશને કુંડાળ હોસ્પિટલ ખાતે પી.એમ અર્થે લાવવામાં આવી હતી. ઉપરોક્ત વિષયે માનવતાને શર્મશાર કરતી ઘટના સામે આવી છે. મૃતકની લાશને નગરપાલિકા પ્રશાસન દ્વારા કચરાના ડબ્બામાં લાવવામાં આવી હતી અને નગરપાલિકાના અણઘડ વહીવટના કારણે દેશનો નાગરિક મૃત્યુ પામ્યો હોય અને કચરાના ડબ્બામાં લાશ લવાઈ હોય તેવી આ સૌપ્રથમ ઘટના જોવા મળેલ છે. એક તરફ ગુજરાત સરકાર આરોગ્ય બાબતે મોટી મોટી ડીંડકો મારે છે. ૧૦૮ એમ્બ્યુલન્સની વ્યવસ્થા સમગ્ર ગુજરાતમાં છે તેવી ડંફાસોનો હવે કડી નગરપાલિકામાં બનેલી આ ઘટનાથી અંત આવી ગયો છે.સ્થાનિકોના જણાવ્યા અનુસાર આવું તો અનેક વાર બનેલું છે કે જેમાં મૃતકોની લાશને કચરાના ડબ્બામાં વહન કરવામાં આવે છે. આ બાબતે સ્થાનિકોએ ચીફ ઓફિસરને રજૂઆત કરતા તેઓ એ જણાવ્યું હતું કે, સારું હવે પછી કચરાના ડબ્બામાં લાશને નહીં લાવવામાં આવે. આમ કરીને તુમાખીભર્યા જવાબો આપીને દેશના નાગરિકના મોતનો મલાજો પણ સચવાયો નહીં તે અત્યંત ગંભીર બાબત છે.







## તંત્રી લેખ..

# ઓપરેશન ઓલઆઉટ

જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાના પ્રયાસ મોટા પાયે કરવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ઓપરેશન ઓલઆઉટના પરિણામસ્વરૂપે એકપછી એક મોટી સફળતા હાથ લાગી રહી છે. તમામ કુખ્યાત ત્રાસવાદી સંગઠનોની કમર તુટી ચુકી છે. હવે ત્રાસવાદીઓ તેમના અસ્તિત્વની લડાઇ લડી રહ્યા છે. જમ્મુકાશ્મીરમાં સક્રિય ત્રાસવાદી સંગઠન હિઝબુલ મુજાહીદીન અને લશ્કરે તોયબાના તમામ ટોપના ત્રાસવાદીઓ ફુંકાઇ ચુક્યા છે. આ ઓપરેશન હેઠળ માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક પણ કબજે કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ૨૦૦થી વધારે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. આ વર્ષે પણ મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ માર્યા ગયા છે. જેમા પોસ્ટર બોય ટાઇગરનો પણ સમાવેશ થાય છે. બુરહાન વાની ગેંગનો સફાયો કરવામાં આવ્યો છે. જો કે જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા અને લોકોમાં આત્મવિશ્વાસ ભરવા માટે અનેક પગલાની જરૂર છે. સામાન્ય લોકો સુરક્ષા દળો અને સેનાની પૂરતી મદદ કરે તે જરૂરી છે. સ્થાનિક ત્રાસવાદીઓને રક્ષણ અને આશ્રય આપવાના બદલે તેમના સંબંધમાં ગુપ્ત માહિતી સુરક્ષા દળોને માહિતી આપે તે જરૂર છે. ત્રાસવાદ સામેની લડાઇમાં સૌથી મહત્વપૂર્ણ ભૂમિકા નાગરિકોની રહે છે. જો તમામ સતર્ક અને સાહસી તરીકે રહેશે તો ત્રાસવાદને પગ ફેલાવવાની તક મળશે નહી. દુનિયાની તમામ સરકાર, નેતા, ત્રાસવાદની સામે એક થઇ રહ્યા છે. એક થઇને જ ત્રાસવાદનો અંત લાવી શકાય છે. લોકો હુમલા બાદ નારાજગી પ્રગટ કરવા માટે આગળ આવે છે તેને ત્રાસવાદની હાર તો કહી શકાય છે પરંતુ ત્રાસવાદનો ખાતમો બાકી છે. આના માટે સમગ્ર માનવતા એક થાય તે જરૂરી છે. ત્રાસવાદને જીવિત રાખનાર, તેમને મદદ કરનાર. તેમને આશ્રય આપનાર દેશોની સામે પણ પગલા લેવા પડશે. સ્લીપર સેલને નષ્ટ કરવાની દિશામાં પગલા લેવા પડશે. ત્રાસવાદને મદદ કરનાર કોઇ પણ વ્યક્તિ, સંગઠન અથવા તો દેશ કેમ ન રહે તેની સામે સંયુક્ત યુદ્ધ છેડી દેવાની જરૂર છે. જો આવુ કરવામાં નહી આવે તો કઠોર પ્રતિક્રિયા, થવા તો લશ્કરી કાર્યવાહીથી ત્રાસવાદીઓ થોડાક દિવસ તો શાંત રહી શકે છે પરંતુ ફરી કોઇને કોઇ જગ્યાએ હુમલો કરીને રક્તપાત સર્જી દેશે. ભારત, અમેરિકા, ફ્રાન્સ, બ્રિટન ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં રહ્યા છે. તેમને દુનિયાના અન્ય દેશોની સાથે મળીને પોતાની ગુપ્તચર વ્યવસ્થાને સુધારી દેવા, સુરક્ષા દળોને આધુનિક કરવા અને ત્રાસવાદી સંગઠન પર કાર્યવાહી ની યોજના બનાવવી પડશે. જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદી હુમલાની વાત હવે સામાન્ય બની ચુકી છે. ત્રાસવાદી હુમલોનો બનાવ જે કોઇ પણ હોય પરંતુ મોટો પ્રશ્ન એ થાય કે તે હુમલાને અમે કઇ રીતે હાથ ધરીએ છીએ. આ અમારી નબળાઇ છે કે આવી ત્રાસવાદી ઘટનાને હાથ ધરતી વેળા અમે ત્રાસવાદીઓને જીવિત પકડી પાડવાના પ્રયાસ કરતા નથી.



### મોટી આફત : ૬૦ હજાર કરોડનું અનાજ દર વર્ષે બગડી જાય છે

**દેશમાં અનાજ, ફળફળાદી અને શાકભાજીના ભંડારણની સુવિધા પુરતા પ્રમાણમાં નથી સ્વતંત્રના આટલા વર્ષો બાદ પણ ખાદ્યાન્નના જંગી જથ્થાને જાળવી રાખવા માટે પુરતા પ્રમાણમાં ભંડાર ગૃહો નથી**

# દેશમાં હજુ અપુરતા અનાજ ભંડાર

**ખેડુતો ખુન પરસેવાને એક કરીને રેકોર્ડ અનાજ ઉત્પાદન કરે છે પરંતુ પુરતી સુવિધા ન હોવાથી હજારો કરોડનો અનાજનો જથ્થો બગડે છે**



કેટલીક વિષમ પરિસ્થિતીને છોડી દેવામાં આવે તો દેશમાં વસ્તી માટે પુરતુ અનાજ ઉત્પાદન થાય છે. પુરતા પ્રમાણમાં અનાજનુ ઉત્પાદન થઇ રહ્યુ હોવા છતાં લાખો લોકોને આજે પણ બે વખત ભોજન પુરતા પ્રમાણમાં મળી ન શકવાના હેવાલ વારંવાર આવતા રહે છે. ભુખમરાના કારણે મોતના અહેવાલ પણ વારંવાર આવતા રહે છે. આની બિલકુલ વિરુદ્ધમાં આશરે ૬૦ હજાર કરોડ રૂપિયાનુ અનાજ દર વર્ષે બરબાદ થઇ જાય છે. જે કુલ ખાદ્યાન ઉત્પાદનના આશરે સાત ટકાની આસપાસ છે. આની પાછળ કેટલાક મુખ્ય કારણ રહેલા છે. દેશમાં અનાજ, ફળફળાદી અને શાકભાજીના ભંડારણની સુવિધા પુરતા પ્રમાણમાં નથી. સ્વતંત્રના આટલા વર્ષો બાદ પણ ખાદ્યાન્નના જંગી જથ્થાને જાળવી રાખવા માટે પુરતા પ્રમાણમાં ભંડાર ગૃહો નથી. આને લને ખેડુતો પણ ઉદાસીન રહ્યા છે. ખુબ ઓછા એવા ખેડુતો છે જે પોતાની રીતે અનાજને જાળવી રાખવા માટે કોઇ વ્યવસ્થા કરી શક્યા છે. વારંવાર અહેવાલ આવતા રહે છે કે જાળવણીના અભાવે અને વરસાદના કારણે અનાજના જથ્થાને નુકસાન થયુ છે. કેટલીક વખત ખુબ જ ઉપયોગી એવો ખાદ્યાન્નનો જથ્થો જાહેર સ્થળો પર પડેલો રહે છે. તેની તરફ કોઇ ધ્યાન આપવામાં આવતુ નથી. પશુઓ પણ બગાડ કરી નાંખે છે. રેલવે સ્ટેશનની નજીક કેટલીક વખત મોટા પ્રમાણમાં જથ્થાને લઇને હેવાલ આવે છે. આ તમામ કમનસીબ બાબત છે. કારણ કે ભારે મહેનત સાથે અનાજનુ ઉત્પાદન કરવમાં આવે છે અને ત્યારબાદ બગાડ થઇ જાય છે. જે બિલકુલ યોગ્ય નથી. આને કમનસીબ બાબત જ કહેવામાં આવશે કે ખેડુત ખુન પરસેવાની સાથે તમામ તાકાત લગાવી દે છે ત્યારે અનાજ વિપુલ પ્રમાણમાં થાય છે. ખેડુત તમામ સંશાધનોનો ઉપયોગ કરી નાંખે છે. ખેડુત જેટલા પ્રમાણમાં ઉત્પાદન કરી શકે છે તેટલા પ્રમાણમાં ભંડારણની વ્યવસ્થા પણ દેશમાં સ્વતંત્રતાના ૭૪ વર્ષમાં થઇ શકી નથી. મજબુરીમાં ખેડુતોને તેમના અનાજને જેમ તેમ કરીને પણ ઓછી કિંમતે અને જે મળે તે કિંમતે વેચી મારવાની ફરજ પડે છે. અથવા તો નષ્ટ કરવાની ફરજ પડે છે. ખેડુતોમાં આક્રોશ અને ટેન્શન માટે આ પણ એક કારણ છે. ઓસ્ટ્રેલિયામાં જેટલા પ્રમાણમાં એક વર્ષમાં ઘઉં થાય છે તેટલા ઘઉંનો જથ્થો તો અમારા ત્યાં ભંડારણની વ્યવસ્થા ન હોવાના કારણે બગડી જાય છે. એફસીઆઇ અને રાજ્યોના ભંડાર નિગમના ગૌડાઉનમાં એટલી જગ્યા નથી કે દેશના પુરતા અનાજ ઉત્પાદનના જથ્થાને જાળવી શકે. ખાનગી ક્ષેત્રની ભંડારણની સુવિધા મોંઘી અને અપુરતી હોવાના કારણે અસરકારક સાબિત થઇ રહી નથી. લાખો ટન ડુંગળી અને ટામેટા તો બજાર સુધી પહોંચતા પહોંચતા જ બગડી જાય છે. રાજસ્થાનની આર્થિક સમીક્ષા ૨૦૧૭-૧૮ મુજબ રાજ્ય ભંડારણ વ્યવસ્થા નિગમના ૩૧ જિલ્લામાં ૯૩ ભંડારણ ગૃહ સંચાલિત રહ્યા છે. જેમની કુલ ભંડારણ ક્ષમતા ૧૧.૬૫ લાખ મેટ્રિન ટન છે. જ્યારે ઉત્પાદન ૨૨૫ લાખ મેટ્રિક ટન છે. ઉત્પાદનની સામે ભંડારણની વ્યવસ્થા નહીંવત સમાન છે. અન્ય રાજ્યોમાં પણ આવી જ સ્થિતી રહેલી છે. આવી જ રીતે ખાદ્યાન ઉત્પાદન અને ભંડારણની ક્ષમતા વચ્ચે પણ ખુબ વધારે અંતરની સ્થિતી છે. સવાલ એ ઉઠે છે કે સ્વતંત્રતાના આટલા વર્ષો બાદ પણ અમારા નિતી નિર્માતાઓનુ ધ્યાન અનાજની જાળવણી તરફ કેમ ગયુ નથી. આજે પણ સ્થિતીમાં કોઇ સુધારો થયો નથી. સરકારોને પુરતી વ્યવસ્થા કરવાની જરૂર છે. ખેડુતોના નામ પર મોટી મોટી વાત કરવામાં આવે છે પરંતુ કોંગ્રેસ અને ભાજબપ સહિત દેશના તમામ રાજકીય પક્ષોની જ્યાં પણ સરકારો છે ત્યાં ખાદ્યાન્ન જાળવણી માટે પુરતી વ્યવસ્થા નથી. આ બાબતને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. દેશમાં વારંવાર હેવાલ આવતા રહે છે કે ભુખમરાના કારણે મોટી સંખ્યામાં લોકોના મોત થાય છે. ભુખમરાના કારણે હાલમાં જ ત્રણ લોકોના મોતના હેવાલ સપાટી પર આવ્યા હતા. ગરીબી અને ભુખમરાની સમસ્યા દેશમાં આજે પણ કેટલાક ભાગોમાં રહેલી છે. દેશમાં મોટી સંખ્યામાં આજે પણ એવી વસ્તી છે જેમને બે સમય પુરતા પ્રમાણમાં ભોજનની વ્યવસ્થા નથી. અથવા તો પુરતા પ્રમાણમાં ભોજનની વ્યવસ્થા કરવાની સ્થિતીમાં નથી. આવી સ્થિતીમાં પુરતી વ્યવસ્થાના અભાવમાં કોઇ પણ અનાજનો બગાડ ચોક્કસપણે કમનસીબ બાબત છે. આ બાબતને રોકી શકાય છે. સાથે સાથે અનાજનો જથ્થો બગડે નહીં તે બાબત પણ જોવા જેવી હોય છે.



### એન્જાઇનાના લક્ષણ અને સારવાર અંગે લોકોની પાસે માહિતી નથી

**આ હાર્ટ અટેકના લક્ષણ તરીકે હોય છે જ્યારે ધમનીમાં અડચણો ઉભી થવા લાગી જાય છે અચવા તો ઓક્સીજનયુક્ત લોહીને હાર્ટ સુધી લાવનાર ધમનીમાં પુરતા પ્રમાણમાં લોહી પ્રવાહની સ્થિતી રહેતી નથી ત્યારે આ સમસ્યા ઉભી થાય છે**

# એન્જાઇના હાર્ટ અટેકના સંકેત સમાન

**એનજાઇનાને છાતીમાં દુખાવા તરીકે સમજી શકાય છે : દુખાવો હાર્ટમાં પુરતા પ્રમાણમાં લોહી ન પહોંચવા માટેનુ કારણ હોય છે**



છાતીમા દુખાવાને એન્જાઇના કહેવામાં આવે છે. હાર્ટમાં પુરતા પ્રમાણમાં લોહી નહી પહોંચવાના કારણે આ દુખાવો થાય છે. આ હાર્ટ અટેકની સાથે છાતી પર દબાણ ની જેમ અનુભવ થાય છે. એન્જાઇનાને એન્જાઇના પેક્ટોરિસ અથવા તો ઇસ્કેમિક ચેસ્ટ પેઇન તરીકે પણ કહેવામાં આવે છે. આ હાર્ટ અટેકના લક્ષણ તરીકે હોય છે. જ્યારે ધમનીમાં અડચણો ઉભી થવા લાગી જાય છે અચવા તો ઓક્સીજનયુક્ત લોહીને હાર્ટ સુધી લાવનાર ધમનીમાં પુરતા પ્રમાણમાં લોહી પ્રવાહની સ્થિતી રહેતી નથી ત્યારે આ સમસ્યા ઉભી થાય છે. સામાન્યરીતે એન્જાઇના વહેલી તકે ઠીક થાય છે. પરંતુ તે જીવલેણ હાર્ટ સમસ્યાના સંકેત સમાન છે. દવા અને લાઇફસ્ટાઇલમાં ફેરફારના કારણે એન્જાઇનાને કન્ટ્રોલ કરી શકાય છે. જો સ્થિતી ગંભીર હોય તો સર્જરીની જરૂર પડે છે. અથવા તો ધમનીને ખોલવા માટે તેમા સ્ટેઇન નાંખવાની ફરજ પડે છે. એન્જાઇનના લક્ષણની વાત કરવામાં આવે તો છાતીમાં દુખાવાને જોઇ શકાય છે. આમાં છાતીમાં દબાણ અથવા તો ભારેપણાનો અનુભવ થાય છે.

વ્યક્તિને હાથ, ગરદન અને પીઠમાં પીડા હોઇ શકે છે. એન્જાઇનાના લક્ષણની વાત કરવામાં આવે તો ચક્કર આવવા, થાક લાગવાની બાબત, શ્વાસ લેવામાં તકલીફ, પરસેવો આવવાની બાબત તેમાં સામેલ છે. તબીબોને આ લક્ષણને વહેલી તકે ઓળખી કાઢીને સારવાર આપવાની શરૂઆત કરવી જોઇએ. હાર્ટ અટેકથી બચી શકાય તે માટે તરત જ સારવારની જરૂર હોય છે. પુરૂષોને સમાન્ય રીતે છાતીમાં દુખાવો, ખભામાં દુખાવાની ફરિયાદ રહેછે. જ્યારે મહિલાઓને પેટ, ગરદન અને ગળામાં દુખાવો રહી શકે છે. ચક્કર આવવા અને શ્વાસ લેવાની તકલીફ થઇ શકે છે. સામાન્ય રીતે એન્જાઇન હાર્ટ ડિસીઝના કારણે થાય છે. જ્યારે ધમનીમાં ફેટી એસિડ તત્વો પ્લાક જમવા લાગી જાય છે ત્યારે હાર્ટની માંસપેશીઓ સુધી લોહીના પ્રવાહમાં અડચણો આવે છે. આવી સ્થિતીમાં આ સમસ્યા ઉભી થાય છે. આજ કારણસર દુખાવો થાય છે.

આ ઉપરાંત કેટલીક વખત અન્ય કારણોથી પણ દુખાવો થાય છે. ફેફસાની પ્રમુખ ધમનીમાં અડચણો આવે છે ત્યારે પણ સમસ્યા સર્જાઇ જાય છે. હાર્ટનુ કદ કેટલીક વખત વધી જાય છે. હાર્ટના પ્રમુખ હિસ્સામાં વોલ્વમાં સંકુચન પણ આવે છે. હાર્ટની આસપાસ રહેલી થેલીમાં સોજા પણ કેટલીક વખત આવી જાય છે. એવા કેટલાક કારણો રહેલા છે જે વ્યક્તિને એન્જાઇનાનો શિકાર બનાવે છે. વધતી વય, પરિવારના અન્ય કોઇ સભ્યને હાર્ટ રોગ, હાઇ કોલેસ્ટ્રોલ , ડાયાબિટીસ, સ્થુળતા તેમજ ટેન્શન પણ કારણો પૈકી એક છે. પુરતા પ્રમાણમાં કસરતની કમી પણ બિમારીને આમંત્રણ આપે છે. એન્જાઇનાની સારવારમાં પિડાને ઓછી કરવા, લક્ષણોને રોકવા અને હાર્ટ અટેકના ખતરાનેઘટાડી દેવા માટે અથવાતો રોકવા માટે કામ કરવામાં આવે છે. આના માટે દવાઓ, જીવનશેલીમાં ફેરફાર કરવાની બાબત ઉપયોગી રહે છે. આના માટે મેડિકલ સહાય લેવામાં આવે છે. એન્જાઇનાની સારવારમાં જીવનશેલીમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરીછે. વજન કન્ટ્રોલ કરવાની બાબત પણ ઉપયોગી રહેલી છે. નિયમિત રીતે કોલેસ્ટ્રોલ લેવલની ચકાસણી ફણ ઉપયોગી રહેલી છે. ફળ શાકભાજી ખાવવાની બાબત પણ ઉપયોગી રહેલી ચે. લો ફેટ ડેયરી પ્રોડક્સને ભોજનમાં સામેલ કરવામાં આવે તે જરૂરી છે.એન્જાઇના માટે સામાન્ય રીતે નાઇટ્રેટની સલાહ આપવામાં આવે છે. નાઇટ્રેટ રક્તવાહિનીને પહોળી કરે છે. તેમને આરામ આપીને એન્જાઇના અટેકની ગંભીરતાને રોકી દે છે. આના માટે બીટા બ્લોકર્સ, કેલ્શિયમ ચેનલ બ્લોકર્સ જેવી દવા પણ આપવામાં આવે છે. કેટલાક કેસમાં સર્જરી કરાય છે.

# 3 દિનથી તાવ છે તો ડેન્ગ્યુ મેલેરિયા

ઠંડીની સિઝન ચાલી રહી છે ત્યારે કેટલીક સાવધાની રાખવાની તમામને જરૂર હોય છે ખાસ કરીને માસુમ બાળકોને વધારે સાવધાની રાખવાની જરૂર હોય છે. નિષ્ણાંત તબીબો અને જાણકાર લોકો કહે છે કે જો સતત ત્રણ દિવસ સુધી તાવ રહે તો ડેન્ગ્યુ મેલેરિયાની અસર હોઇ શકે છે. આના માટે સાફ સફાઇને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે ઠંડીની સિઝનમાં ફુલ વસ્ત્રો પહેરવાની સલાહ ફમ તબીબો આપે છે. ઠંડીની સિઝનમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગનો ખતરો વધી જાય છે. મોનસુન બાદ ઠંડીની સિઝનમાં સૌથી વધારે ડેન્ગ્યુ ફિવરના મામલા સપાટી પર આવે છે. ડેન્ગ્યુના એડીઝ એજિપ્ટાઇ મચ્છર મુખ્ય રીતે સવારમાં અને સાંજે કોઇ પણ વ્યક્તિને કરડે છે. મલેરિયામાં શરદી લાગીને તાવ આવે છે. ઠંડીની સિઝનમાં ત્રણ દિવસથી વધારે સમય સુધી જો તાવ રહે છે તો તબીબોની સલાહ ચોક્કસપણે લેવી જોઇએ. કારણ કે તે ડેન્ગ્યુ મેલેરિયા હોઇ શકે છે. તબીબો કહે છે કે ૨૦ હજાર પ્લેટલેટ કાઉન્ટ થાય છે તો કોઇ પણ પ્રકારની તકલીફ આવતી નથી. ડેન્ગ્યુ ફિવર માટે કાર્ડ ટેસ્ટ કરવાની જરૂર હોય છે. ત્યારબાદ એલાઇજા તપાસનો નિયમ રહેલો છે. પ્લેટલેટ કાઉન્ટ કરવામાં આવે છે તો પણ કેટલાક વધુ ટેસ્ટ કરવામાં આવે છે. નિષ્ણાંતોનો સાફ મત છે કે એક સ્વસ્થ વ્યક્તિમાં પ્લેટલેટ કાઉન્ટ દોઢ લાખથી વધારે સાડા ચાર લાખ સુધી હોય છે. તાવમાં ૨૦ હજાર આવે તો ભયભીત થવાની કોઇ જરૂર નથી. મચ્છરોને ભગાડી દેવા માટે કેટલાક પ્રયોગ કરવામાં આવે છે. સામાન્ય રીતે ઘરેલુ ઉપચારથી પણ મચ્છરો ભાગી જાય છે. જેમાં તવા પર લીમડાના પત્તા નાંખીને છોડી દેવામાં આવે તો તેનાથી મચ્છરો ભાગી જાય છે. ડેન્ગ્યુ અને મલેરિયા તાવ હોવાની સ્થિતીમાં મુખ્ય રીતે હળવા ભોજન પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર હોય છે. દાળ, દળિયા, નારિયળ પાણી પણધ્યાન કેન્દ્રિત કરવુ જોઇએ. દહી, છાસ જેવી ચીજોનો ઉપયોગ કરવો જોઇએ નહી. રોગપ્રતિકારક ક્ષમતા કેટલીક રીતે વધારી શકાય છે. ખાસ કરીને પપીતાના નવા પત્તાના રસને અસરકારક ગણવામાં આવે છે. સાથે સાથે અનાર, હલ્દર પણ અસરકારક સાબિત થઇ શકે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઠંડીની સિઝનમાં વાયરલ ઇન્ફેક્શનની અસર બાળકોને વહેલી તકે થઇ જાય છે. વિટામીન ડી વાઇરલ ઇન્ફેશનથી રક્ષણ કરવામાં મદદરૂપ બને છે. અભ્યાસ મુજબ વાઇરલ ઇન્ફેક્શનથી બચાવવામાં વિટામીન ડીની ભૂમિકા ચાવીરૂપ રહે છે તે બાબત સાબિત કરવા માટે ઘણા તારણો પણ નક્કર રીતે રજૂ કરવામાં આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે મોનસુનની સિઝન અને ગરમીની સિઝનમાં અથવા તો મિશ્ર સિઝનમાં વાયરલ ઇન્ફેક્શનના રોગ ફેલાઇ જાય છે. વિટામીન ડીની ભૂમિકા વાયરલ ઇન્ફેક્શનને રોકવામાં મદદરૂપ બને છે.

# ટ્રેડ મિલ પર રનિંગ કરવાની બાબત ખતરનાક છે કે કેમ તેને લઇને લોકોમાં ચર્ચા

નોઇડાના સેક્ટર ૭૬ સ્તિત એક સોસાયટીની જીમમાં થોડાક સમય પહેલા ૨૪ વર્ષીય એક સોફ્ટવેર એન્જિનિયર ટ્રેડમિલ પર રનિંગ કરી રહ્યો હતો. આ ગાળા દરમિયાન એકાએક ચક્કર ખાઇને પડી ગયો હતો. થોડાક સમયમાં જ તેનુ મોત થઇ ગયુ હતુ. ડોક્ટરની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો આ યુવાનુ મોત હાર્ટ અટેકના કારણે થયુ હતુ. ટ્રેડમિલ પર દોડતી વેળા હાર્ટ અટેક આવવાથી મોત થવાનો આ કોઇ પહેલો કેસ નથી. તે પહેલા પણ આ પ્રકારના કિસ્સા બની ચુક્યા છે. આ પહેલા વર્ષ ૨૦૧૩માં ટીવી અન ફિલ્મના લોકપ્રિય સ્ટાર અબીર ગોસ્વામીનુ પણ મોત થયુ હતુ. તેમનુ મોત પણ ટ્રેડમિલ પર દોડતી વેળા થયુ હતુ. તેમને પણ ટ્રેડમિલ પર દોડતી વેળા એકાએક હાર્ટ અટેક આવી ગયો હતો. તેમને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તે પહેલા જ મોત થયુ હતુ. શુ ટ્રેડમિલ પર રનિંગ કરવાની બાબત ઘાતક બની શકે છે કે કેમ તેને લઇને ચર્ચા શરૂ કરવામાં આવી છે. શુ એક્સરસાઇઝ કરવાની બાબત, જીમ જવાની બાબત, વર્ક આઉટ કરવાની બાબત અને ટ્રેડમિલ પર દોડવાની બાબત ખતરનાક છે. આવા પ્રશ્નો હવે તમામને સતાવી રહ્યા છે. હાર્ટ અટેકનો ખતરો આના કારણે રહે છે કે કે તેની ચર્ચા રહેલી છે. હાલના દિવસોમાં મોટી સંખ્યામાં તબીબો અને હેલ્થ નિષ્ણાંતો લોકોને એક્સરસાઇઝ કરવા, ફિજિકલ એક્ટિવીટી કરવા માટેની સલાહ આપે છે. આવી સ્થિતીમાં નોઇડા જેવી ઘટના બને ત્યારે લોકો ચોંકી જાય તે સ્વાભાવિક છે. લોકોના મનમાં પ્રશ્ન ઉઠી રહ્યા છે ત્યારે નિષ્ણાંતો અને તબીબો કહી રહ્યા છે કે એક્સરસાઇઝ કરવાની બાબત બિલકુલ ઘાતક નથી. માત્ર એક્સરસાઇઝ કરતી વેળા કેટલીક સાવધાની રાખવાની હો છે. સિનિયર સર્જન કહે છે કે જીમ જોઇન કરતી વેળા પોતાની ફિજિકલ ચેક અપની પ્રક્રિયામાંથી ચોક્કસપણે બહાર નિકળવાની જરૂર હોય છે. આપને કોઇ તકલીફ તો નથી તેની આના કારણે ખબર પડી જાય છે. કેટલીક વખત એવુ બને છે કે શરીરની અંદર કેટલીક તકલીફ હોય છે પરંતુ ખબર પડતી નથી. આવી સ્થિતીમાં જો માહિતી છે તો તમને કોઇની સલાહ લેવાની જરૂર નથી. જો તમને કોઇ બિમારીની માહિતી મળે છે તો નિષ્ણાંતોની સલાહ લેવી જોઇએ. ફિટનેસ નિષ્ણાંત કહે છે કે ટ્રેડમિલ પર દોડતી વેળા પોતાના હાર્ટ રેટ પર નજર રાખવાની જરૂર હોય છે.

હાર્ટ રેટ ટાર્ગેટ રેટ કરતા વધારે ન રહે તેના પર ધ્યાન આપવાની જરૂર ચે. પોતાના મહત્તમ હાર્ટ રેટને જાણવા માટે પોતાની વયને ૨૨૦થી ઘટાડીને માપવામાં આવે તે જરૂરી હોય છે. ટાર્ગેટ હાર્ટ રેટને મેક્સિમ હાર્ટ રેટના ૮૦ ટકા કરતા વધારે રાખવાની બાબત ખતરનાક હોય છે. ડોક્ટર એમ પણ કહે છે કે રાત્રી ગાળામાં સામાન્ય લોકોએ જીમ જવાની બાબત ટાળવાની જરૂર હોય છે. તબીબો કહે છે કે રાત્રી ગાળા દરમિયાન શરીર થાકેલુ રહે છે. જેથી આવા સમયમાં જીમ જવાથી બચવાની જરૂર હોય છે. જો રાત્રી ગાળા દરમિયાન કોઇ વ્યક્તિ જીમમાં જાય છે તો સમય ઓછો ગાળવાની જરૂર હોય છે. સાથે સાથે સ્ટેરોઇડ યુક્ત પ્રોટીન પાઉડરનો ઉપયોગ કરવાથી દુર રહેવાની જરૂર હોય છે. જીમ શરૂ કરતા પહેલા ટ્રેડ મિલ પર હળવી રનિંગ અને સ્ટ્રેચિંગ કરીને વોર્મ અપ કરવાની જરૂર હોય છે. આના કારણે બોડી જીમ માટે તૈયાર થઇ જાય છે. જીમ પહોંચતાની સાથે જ હેવી વર્ક આઉટ કરવાની ક્યારેય શરૂઆત કરવી જોઇએ નહીં.

### હવે આર્થિક આધારનો સમય | ઉકેલ : અનામત આર્થિક આધાર પર અમલી બને તો સમસ્યા નથી

# હકીકતમાં જે લોકો અનામતના અધિકાર ધરાવે છે તે લોકો તો પછાત જ રહી ગયા છે

**સરકારી ક્ષેત્રમાં જાતિગત આધાર પર અનામત આપવાની વર્તમાન વ્યવસ્થા સામાજિક અશાંતિ માટેનુ મોટુ અને મુખ્ય કારણ છે**

ભ્રષ્ટાચાર અને અપરાધિકરણ સિવાય પણ ભારતમાં એવી બે તકલીફ છે જે તલીફે અમારી રાજનિતીને ચારેબાજુથી ઘેરી રાખી છે. પ્રથમ તકલીફ જાતિવાદ છે અને બીજી તકલીફ સાંપ્રદાયિતા છે. આ બન્ને સમસ્યાના કારણે ચારેબાજુ અંધાધુંધી વારંવાર જોવા મળે છે. અમારી કોર્ટના રચનાત્મક અને કઠોર વલણના કારણે રાજનિતીમાં અપરાધિકરણની ગતિવિધી ઝડપથી વધી શકી નથી. રાજનિતીના અપરાધિકરણને કાબુમાં લેવામાં કોર્ટનુ વલણ મહત્વપૂર્ણ રહ્યુ છે. કોર્ટ દ્વારા જાહેર જીવનમાં સત્યનિષ્ઠા સ્થાપિત કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. રાજકીય નેતાઓ તો જાતિ અને સમુદાયને ઉશ્કેરીને ચૂંટણી જીતતા રહ્યા છે. આના પરિણામસ્વરૂપે જાતિવાદ અને સાંપ્રદાયિકતા જાહેર વ્યવસ્થાની સામે વધતા સામાજિક તનાણ અને અશાંતિના કારણ સમાન છે. આ સામાજિક અશાંતિની પાછળ એક મોટુ કારણ સરકારી ક્ષેત્રમાં જાતિગત આધાર પર અનામત આપવાની વર્તમાન વ્યવસ્થા છે. જ્યારે બંધારણની કલમ ૧૪માં જાતિગત ભેદભાવના સંબંધમાં સ્પષ્ટ પ્રતિબંધની વાત કરવામાં આવેલી છે. કલમ-૧૬માં પછાત વર્ગ આધારિત અનામતની જોગવાઇ કરવામાં આવી છે.

જાતિગત આધાર પર અનામતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. ગયા વર્ષે સુપ્રીમ કોર્ટે પણ આદેશ આપ્યો હતો કે અનામત માત્ર જાતિગત આધાર પર આપી શકાય નહી. હાલમાં જ પટેલો દ્વારા ગુજરાતમાં, કાપુસ દ્વારા આંધ્રપ્રદેશમાં, જાટો દ્વારા રાજસ્થાનમાં ઓબીસીમાં સામેલ કરવાની માગ કરીને આંદોલન કરવામાં આવ્યા છે. હરિયાણામાં તો જાટ સમુદાયના લોકોએ ઓબીસીમાં સામેલ કરવા માટે જોરદાર હિંસા ફેલાવી હતી. આ તમામ તાજા મામલાના કારણે અનામતની રાજનિતી ફરી એકવાર સપાટી પર આવી ગઇ છે.

બીજી બાજુ હકીકતમાં જે લોકો અનામતના અધિકાર ધરાવે છે તે લોકો તો પછાત જ રહી ગયા છે. સાથે સાથે લઘુમતિ સમુદાયના લોકોમાં ગરીબ વર્ગના લોકોને અનામતના લાભ મળી શકતા નથી. કારણ કે બંધારણમાં ધાર્મિક આધાર પર અનામતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. અનામતની વર્તમાન તમામ ખામીઓને દુર કરવા માટેનો એકમાત્ર રસ્તો એ છે કે આને જાતિ આધાર પર ન આપીને આર્થિક આધાર પર લાગુ કરવામા આવે તે જરૂરી છે.

મુળભૂત વિચાર એ છે કે ગરીબી રેખાથી નીચે (બીપીએલ) અથવા તો આવકવેરા મુક્તિ મર્યાદાથી નીચે આવકવાળા (બીઆઇટીઇએલ) વાળા કોઉ પણ જાતિના પરિવાર અને સમુદાય સામાજિક અને શૈક્ષણિકરીતે પછાતની જેમ દેખાય છે. કોઇ પણ ચર્ચા વગર આ પ્રકારના લોકો બાકી વસ્તીની તુલનામાં પછાત જ છે. આ જ કારણસર કહેવામાં પણ આવે છે કે સરકારી નોકરીમાં અનામત બીપીએલ અથવા તો બીઆઇટીઇએલ પરિવારને આર્થિક આધાર પર આપવામાં આવે તે જરૂરી છે. આની ટકાવારી જે લોકો ગરીબી રેખાથી નીચે છે તેમના ટકાવારીના આધાર પર નક્કી કરવામાં આવી શકે છે. અથવા તો વર્તમાન માટે ૩૩ ટકા રાખી શકાય છે. આ ટકાવારી દેશની કુલ વસ્તીમાં તેમની સંખ્યાના આધાર પર નક્કી કરવામાં આવેલી ટકાવારી છે. આના કારણે વહીવટી કુશળતા પણ આવી શકે છે. આર્થિક આધાર પર અનામતની જોગવાઇ બંધારણની કલમ ૩૩૪માં રજૂ કરવામાં આવેલી બંધારણનીય નિષ્ણાંતોની વિચારધારાના આધાર પર રહેશે. કલમ ૩૩૪મં બંધારણ નિષ્ણાંતોની વિચારધારાના આધાર પર અનામતને લોકસભા અને વિધાનસભામાં એસસી અને એસટી સુધી જ મર્યાદિત રાખવામાં આવી હતી અને આ વ્યવસ્થા પણ માત્ર ૧૦ વર્ષ માટે જ રાખવામાં આવી હતી. અનામતના કારણે વહીવટીતંત્રને કોઇ નુકસાન ન થાય તેનીખાતરી પણ કરવામાં આવી હતી. પરંતુ મંડળ પંચ બાદ વહીવટી કુશળતા પર દબાણઁ આવ્યુ હતુ. જેથી અનામતની માંગ પણ સતત વધતી ગઇ છે. ભેદભાવ અને પારસ્પર ખેંચતાણ વધતી ગઇ છે.

આવી સ્થિતીમાં આર્થિક આધાર પર અનામતની જાતિગત અને પંથના આધાર પર થનાર ભેદભાવ પર બંધારણીય પ્રતિબંધની દિશામાં યોગ્ય પગલુ હોઇ શકે છે. ૩૩ ટકા અનામત તમામ ધર્મ હિન્દુ, મુસ્લિમ, શિખ ખ્રિસ્તી અને અન્ય લઘુમતિ સમુદાયના બીપીએલ અને બીઆઇટીઇએલ વસ્તીના આધાર પર આપવામાં આવે તે સમયની માગં છે.

હિન્દુ સમુદાયમાં આ ક્વોટાની જોગવાઇ વર્તમાન શ્રેણી સામાન્ય, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગને કુલ હિન્દુ બીપીએલ-બીઆઇઇટીઇએલમાં હિસ્સાના આધાર પર આપવામાં આવે તે જરૂરી છે. અનામતની સમસ્યાને દુર કરી શકાય છે. પરંતુ વિશ્વાસ સાથે નિર્ણયની જરૂર છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com

## 'પુરુષ-સ્ત્રી કલાકારની ફીમાં કારણ વગર મોટો તફાવત'

# વર્ષો સુધી ફ્લોપ ફિલ્મો આપવા છતાં અમારા કરતાં દસ ગણી વધુ કમાણી : ક્રિતિ સેનન



ક્રિતિ સેનનની છેલ્લી ફિલ્મ 'ક્રૂ' સફળ રહી છે, જેમાં તેણે કરીના કપૂર અને તબ્બુ સાથે કામ કર્યું હતું. આ ફિલ્મે ભારતમાં લગભગ ૭૫ કરોડની આવક કરી હતી. આ ફિલ્મની સફળતા બાદ હાલ ક્રિતી ઘણી ખુશ છે, ત્યારે હવે તેણે બોલિવૂડમાં જેની ઘણી ચર્ચા છે, તેવો અસમાન વેતનનો મુદ્દો ફરી ઉઠાવ્યો છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં ક્રિતિએ અસમાન વેતન મુદ્દે પોતાનો વિરોધ નોંધાવતા કહ્યું,"હાલ એક પુરુષ અને સ્ત્રી કલાકારના વેતનમાં કોઈ કારણ વિના બહુ જ મોટો તફાવત છે." આગળ ક્રિતિએ કહ્યું,"ક્યારેક કોઈ જ કારણ વિના. ક્યારેક તમને વિચાર આવે છે કે આ વ્યક્તિએ તો વર્ષોથી કોઈ હિટ ફિલ્મ પણ આપી નથી. તો પણ તેને મારા કરતાં દસ ગણી ફી કઈ રીતે મળી શકે?" પ્રોડ્યુસર આ તફાવત માટે કેવા બહાના કાઢે છે તે અંગે ક્રિતિએ કહ્યું,"ઘણી વખત પ્રોડ્યુસર્સ કહે છે કે, બધાનું કારણ રિકવરી છે. ડિજીટલ અને સૅટેલાઈટ રાઈટ્સમાં રિકવરી કામ કરે છે. કારણ કે તેની ફિલ્મની રિલીઝ પહેલાં જ થઈ જતી હોય છે, લોકો એકબીજા સાથે વાત કરે તે પહેલાં જ ડિજિટલ રાઈટ્સ વેંચાઈ જતાં હોય છે. એવી માન્યતા છે કે ફિમેલ એક્ટરની સરખામણીએ મેલ એક્ટર લીડમાં હોય એવી ફિલ્મો વધુ ચાલે છે. તેથી ડિજિટલ અને સૅટેલાઈટ રાઈટ્સમાંથી એ પ્રકારનું બજેટ મેળવવા માટે આ પ્રકારનો તફાવત કરવામાં આવતો હોવો જોઈએ." આગળ ક્રિતિએ એમ પણ કહ્યું, કે તેનાં કેટલાંક કૉસ્ટાર્સને વર્ષો સુધી ફ્લોપ ફિલ્મો આપી હોવા છતાં તેના કરતાં ૧૦ગણી ફી મળી છે. આ સંદર્ભે એણે એવું પણ કહ્યું કે પ્રોડ્યુસર્સને એ એટલી જ રકમ 'ક્રૂ' માટે રોકવામાં વાંધો હતો. તેમાં ત્રણ ટોચની હીરોઈન હતી તેમ છતાં તેઓ ત્રણ મેલ એક્ટર્સની કૉમેડી ફિલ્મ સાથે તેની સરખામણી કરશે.

# રિષભ શેટ્ટીનો બોલિવૂડ પર ભારતને ખરાબ ચિતરવાનો આક્ષેપ કર્યો

## રિષભ શેટ્ટીની એક ઇન્ટરવ્યુ ક્લિપ વાયરલ થઈ રહી છે



કન્નડા એક્ટર અને ફિલ્મમેકર રિષભ શેટ્ટી ૨૦૨૨માં તેની ફિલ્મ 'કંતારા'થી સમગ્ર દેશને ચકીત કરી દીધો હતો. તાજેતરમાં જ આ ફિલ્મ માટે તેને બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ જાહેર થયો ત્યારે ફરી તે ચર્ચામાં આવ્યો છે. હવે આ નેશનલ એવોર્ડ પછી તેણે આગામી કન્નડા ફિલ્મ 'લાફિંગ બુદ્ધા'નું પ્રમોશન શરૂ કરી દીધું છે. જેમાં પ્રમોદ શેટ્ટી મુખ્ય રોલમાં હશે. જોકે, તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેણે કરેલાં નિવેદને વિવાદ જગાવ્યો છે. રિષભ શેટ્ટીની એક ઈન્ટરવ્યુ ક્લિપ વાયરલ થઈ રહી છે, જેમાં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ્સમાં ભારતની છબિ રજૂ કરવા બદલ બોલિવૂડની ટીકા કરી છે. આ વીડિયોમાં કન્નડા ભાષામાં જ વાત કરતા રિષભ શેટ્ટીએ પોતાનો બળાપો કાઢતાં કહ્યું કે બોલિવૂડ મોટા ભાગે વૈશ્વિક સ્તરે ભારતને ખરાબ ચિતરે છે. તેણે કહ્યું,"ભારતીય ફિલ્મો અને ખાસ કરીને બોલિવૂડ, ભારતને ખરાબ રીતે દર્શાવે છે. આ પ્રકારની ફિલ્મોને વૈશ્વિક સમારોહમાં આણંત્રણ આપવામાં આવે છે અને તેમના માટે લાલ જાજમ બિછાવવામાં આવે છે. મારો દેશ, મારું રાજ્ય, મારી ભાષા, મારું ગૌરવ. તો પછી વિશ્વકક્ષાએ હકારાત્મક ફિલ્મો કેમ નથી બતાવતા? હું એ જ દર્શાવવાની કોશિશ કરું છું." રિષભ શેટ્ટી હવે 'કંતારા ૨' માટે પણ કામ કરી રહ્યો છે, જેનું નામ 'કંતારાઃચૅપ્ટર ૧' આપવામાં આવ્યું છે. આ ફિલ્મમાં જિસ્સુ સેનગુપ્તા મહત્વના રોલમાં હશે અને આ ફિલ્મ ૨૦૨૫ની શરૂઆતમાં રિલીઝ થશે. ઓગસ્ટના છેલ્લા અઠવાડિયામાં ફિલ્મના શૂટિંગનો ચોથો તબક્કો શરૂ થશે.

# ઋષિ કપૂરે લગ્ન પછી પણ નીતુ કપૂર સાથે કરી હતી છેતરપિંડી

## નીતુ કપૂર પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહી છે



બોલિવૂડની દિગ્ગજ અભિનેત્રી નીતુ કપૂર આજે તેનો ૬૬મો જન્મદિવસ ઉજવી રહી છે. નીતુ કપૂરે હંમેશા પ ોતાની એક્ટિંગથી ચાહકોનું દિલ જીત્યું છે. આ કારણે આજે પણ તે તેના ચાહકોમાં લોકપ્રિય છે. નીતુ કપૂર પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે પર્સનલ લાઈફને લઈને પણ ચર્ચામાં રહી છે. નીતુ કપૂર અને ઋષિ કપૂરની લવ સ્ટોરી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નહોતી. ઋષિ કપૂરના આ દુનિયામાંથી ગયા પછી પણ અભિનેત્રી તેમને યાદ કરતી રહે છે. નીતુ કપૂર ઘણીવાર ઋષિ કપ ૂર સાથેના તેના બોન્ડ વિશે વાત કરતી જોવા મળે છે. એકવાર નીતુ કપૂરે ઋષિ કપૂરના એક્સ્ટ્રા મેરિટલ અફેર વિશે વાત કરી હતી. તેણે તેમના અફેરને પણ યોગ્ય ઠેરવ્યું હતું. ઋષિ કપ ૂર લગ્ન પછી પણ અફેર હતા. તેને લાગ્યું કે નીતુ કપૂર તેના અફેર વિશે નથી જાણતી પરંતુ અભિનેત્રી બધુ જ જાણતી હતી. તેણે આ અંગે ઋષિ કપૂર સાથે પણ વાત કરી હતી. એટલું જ નહીં, તેણે તેમનાથી અંતર પણ જાળવી રાખ્યું હતું. જો રિપોર્ટ્સનું માનીએ તો નીતુ કપૂરે તેના પ તિના એક્સ્ટ્રા મેરિટલ અફેરને વન નાઈટ સ્ટેન્ડ ગણાવ્યું હતું. ઘણી વખત નીતુ અને ઋષિ તેમના અફેરને લઈને લડતા હતા. પરંતુ પાછળથી તેણે ઋષિ કપૂરના કાર્યોથી પરેશાન થવાનું બંધ કરી દીધું. તેણે તેના પતિ ઋષિ કપૂરની અવગણના કરી અને તેનાથી દૂર રહેવા લાગી. ઋષિ કપૂરના સંબંધો વિશે નીતુ કપૂરે એકવાર કહ્યું હતું - મને વિશ્વાસ હતો કે ઋષિ મારા વિના રહી શકશે નહીં.

# બેડ ન્યૂઝઃ કેટરિનાએ તૃપ્તિ સાથે રોમાન્સને બિરદાવતાં વિકીને રાહત



થોડાં દિવસ પહેલાં જ વિકી કૌશલની આગામી ફિલ્મ 'બેડ ન્યૂઝ'નું ગીત 'તૌબા તૌબા' રિલીઝ થયું છે, જેમાં તેના ડાન્સને ઘણી સરાહના મળી રહી છે. ત્યારે હવે વિકીએ કહ્યું છે કે આ સોંગ કેટરિનાને પણ ગમ્યું છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યૂમાં વિકીએ જણાવ્યું હતું કે, જ્યારે કેટરિનાએ આ ગીત પર મંજૂરીનો સિક્કો માર્યો ત્યારે તેને મોટી રાહત થઈ હતી. વિકીએ આ અંગે વિગતે કહ્યું, "સૌથી મોટી રાહત થઈ જ્યારે કેટરિનાએ આ ગીતને માન્ય ગણ્યું, તેણે કહ્યું આ સરસ છે. મને થયું, હાશ.." આ હાશકારા પાછળના કારણની વાત કરતાં વિકીએ કહ્યું,"એ મને કહ્યાં કરે છે, મને ખબર છે કે તને ડાન્સ કરવો ગમે છે પણ તું જાનૈયા જેવો ડાન્સર છું, ટ્રેઈન થયેલો નહીં. તેથી જ એને ગમ્યું ત્યારે મેં મન પર લઈ લીધું.

# 'બકિંગહામ મર્ડર્સ'માં ડિટેક્ટિવ બનેલી માતાની થ્રિલર સ્ટોરી


## સંતાનને ગુમાવ્યા બાદ ન્યાય માટે સંઘર્ષ કરતી કરીના જોવા મળશે

કરીના કપૂરની ફિલ્મ 'બકિંગહામ મર્ડર્સ'નું ટીઝર લોંચ થઈ ચૂક્યું છે, જે એક જકડી રાખે તી થ્રિલર ફિલ્મની ઝલક આપે છે. હંસલ મહેતાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં કરીના કપૂર એક એવી પીડિત માનો રોલ કરે છે, જે ડિટેક્ટિવ બનવા મજબૂર થઈ જાય છે. કરીનાને જે દર્શકો બોલિવૂડની ટિપીકલ મસાલા ફિલ્મ્સમાં હીરોઈન તરીકે જોવા ટેવાયેલાં છે, તેના માટે કરીનાને આ પ્રકારના ડાર્ક અને ગંભીર રોલમાં જોવી એ વાતે જ ફૅન્સમાં ભારે ઉત્સુકતા જગાવી છે. આ પહેલાં પણ તેનાં ફૅન્સ 'જાને જાં'માં થોડા ડાર્ક રોલમાં જોઈ ચૂક્યા છે, જેમાં તે એક એબ્યુઝિવ મેરેજમાંથી બહાર નીકળવા માટે અને આ જ માહોલમાંથી પોતાની દિકરીને બચાવવા માટે મજબૂરીમાં પોતાના પતિનું મર્ડર કરે છે. તેમાં તેણે જયદીપ અહલાવત અને વિજય વર્મા જેવા ઉમદા કલાકારો સાથે કામ કર્યુ છે. હવે ફરી આ ફિલ્મમાં કરીના એક માતાના થોડા અલગ અને થોડા વધુ ગંભીર રોલમાં જોવા મળશે. ટીઝર આપણને 'બકિંગહામ મર્ડર્સ'ની દુનિયાનો પરિચય કરાવે છે. જેમાં પોતાનાં બાળકને ગુમાવવાથી કરીનાના પાત્રનું જીવન કરુણ સ્થિતિમાં આવતું દેખાય છે. પાત્રની ન્યાય મેળવવા માટેની લડત સાથે ફિલ્મની સ્ટોરી શરૂ થાય છે. તેને મળેલી પીડા અને દુઃખનો અંત લાવવા તે એક ડિટેક્ટિવનું સ્વરૂપ ધારણ કરે છે. પોતાના ભૂતકાળને પ ાછળ છોડીને એવા સત્યની શોધમાં નીકળે છે, જેણે તેની પાસેથી લગભગ બધું જ છીનવી લીધું છે. આ ટીઝર જેમ આગળ વધે છે, તેમ કરીનાનું પાત્ર જેમ જેમ સત્યની નજીક પહોંચે છે તેમ તેમ તેની લાગણીઓ સામે તે વધુ ને વધુ સંઘર્ષ કરતી દેખાય છે.



# ડેબ્યુ કરતાની સાથે જ ૧૦૭ ફિલ્મો સાઈન કરી, ૩૯ વર્ષથી ગુમનામ છે એક્ટર!

૮૦ના દાયકામાં હિન્દી સિનેમામાં એક એવા એક્ટરે એન્ટ્રી કરી, જેને જોવા સલમાન ખાન અને સંજય દત્ત જેવા સ્ટાર પણ આવતા હતા. ડેબ્યૂ કરતાં જ આ એક્ટરે ધમાલ મચાવી દીધી. ગોવિંદા અને ધર્મેન્દ્રએ તો આ એક્ટરની સાથે કામ કરવાથી પણ ના પાડી દીધી હતી.જબરદસ્ત પ ર્સનાલિટી અને સુપરહિટ બોડીના દમદાર કોમ્બિનેશનની સાથે ધમાકેદાર એક્ટિંગ ટેલેન્ટની પણ ભરમાર હતી. સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટાર્ઝન'થી ફિલ્મી દુનિયામાં એન્ટ્રી કરનાર એક્ટરનું નામ છે હેમંત બિર્જે. હેમંતની ડેબ્યૂ ફિલ્મે તેમને એ ઓળખ અપાવી, જેને પામવા માટે લોકોને વર્ષો સુધી સંઘર્ષ કરવો પડે છે.સાલ ૧૯૮૫માં આવેલી ફિલ્મ 'એડવેન્ચર ઑફ ટારઝન'થી ડેબ્યૂ કરનાર હેમંત પોતાની દમદાર બૉડીને લઈને લાઈમલાઈટમાં છવાયેલા રહેતા. તે દોરમાં તેમની પર્સનાલિટી કોઈ હીરોથી ઓછી ન હતી. આ જ કારણે તે તેમની પહેલી ફિલ્મમાં છવાઈ ગયા હતા. લોકો તેમની પર્સનાલિટી અને એક્ટિંગ જોઈને ડરવા લાગ્યા, કે તેમનું કરિયર ખતરામાં છે. પરંતુ પોતાના સારા લુક્સના કારણે તેમને ઘણી ફિલ્મોથી બહાર કરવામાં આવ્યું હતું.હેમંતની ડેબ્યૂ ફિલ્મ હિટ સાબિત થઈ હતી. પોતાની પહેલી ફિલ્મ બાદ તેમને એક-બે નહીં પરંતુ ૧૦૭ ફિલ્મો સાઈન કરી હતી, પરંતુ કંઈક એવું બન્યું કે, એક-એક ફિલ્મથી એ એક્ટરે ગુમાવવી પડી.



# રાની મુખર્જી ફરી એક વખત શિવાની શિવાજી રોય તરીકે હાજર થશે


યશરાજ ફિલ્મ્સ દ્વારા ગુરુવારે ઓફિશીયલી જાહેરાત કરવામાં આવી છે કે, તેઓ 'મર્દાની' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ સાથે આવી રહ્યા છે. ૨૦૧૪માં પહેલી ફિલ્મ રિલીઝ થઈ હતી, તેની દસમી એનિવર્સરી નિમિત્તે આ જાહેરાત કરવામાં આવી છે. યશરાજ ફિલ્મ્સ દ્વારા એક વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં આગળની બે ફિલમોની હાઈલાઈટ્સ રજૂ કરવામાં આવી હતી. જેના દ્વારા આ દાયકા દરમિયાન ફિલ્મને મળેલા પ્રેમ અને સહકાર બદલ પહેલાં દર્શકો પ્રત્યે ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તેમણે એવી પણ જાહેરાત કરી હતી કે શિવાની શિવાજી રૉય એટલે કે રાની મુખર્જીની ત્રીજી ફિલ્મનું કામ ચાલુ છે. આ વીડિયો સાથે કૅપ્શનમાં લખ્યું હતું,"મર્દાનીના દસ વર્ષ અને નવા પ્રકરણની રાહ જોવાઈ રહી છે...આજે એક બહાદુર, બાહોશ પોલિસ અધિકારી શિવાની શિવાજી રોય અને મર્દાનીના જુસ્સાની ઉજવણી કરીએ છીએ. મારી પ્યારી ફ્રેન્ચાઈઝીને એક દાયકા સુધી પ્રેમ અને સરાહના આપવા બદલ આપનો આભાર. આપના કારણે..અમને ફરી ....પ્રેરણા મળી છે..." મર્દાની ફ્રેન્ચાઈઝીની ફિલ્મોને વિવેચકોએ પણ વખાણી છે અને આ ફિલ્મને બોક્સ ઓફિસ પર પણ સારી સફળતા મળી છે, જે દર્શકોને મજબૂત સંદેશ અને જકડી રાખએ તેની કથાથી આકર્ષવામાં સફળ રહી છે. હજુ આગામી ફિલ્મની કાસ્ટ નક્કી થઈ રહી છે, પ રંતુ શિવાની શિવાજી રોય તરીકે રાની મૂખર્જી દર્શકોને મનોરંજન પૂરું પાડવા તૈયાર છે.



# 'આપણે ઍવેન્જર્સની જરૂર નથી, શિવાજી જ આપણા સુપરહીરો'

## ડબિંગના બદલે જાપાનીઝ સબટાઈટલ મૂકાશે

વિકી કૌશલ તેની આવનારી ફિલ્મ 'છાવા' માટે ખૂબ ઉત્સાહીતિ છે. આ ફિલ્મનું ટીઝર સોમવારે રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં વિકી મરાઠા યોદ્ધા અને રાજા છત્રપતિ સંભાજીના રોલમાં છે. ત્યારે આ ફિલ્મના ટ્રેલર લોન્ચની એક ઈવેન્ટમાં વિકીએ છત્રપતિ શિવાજીની સરખામણી ઍવેન્જર્સ સાથે કરી છે. વિકીએ લોકો સાથે વાત કરતાં સંભાજીના પિ તા છત્રપતિ શિવાજીની પણ વાત કરી હતી. તેણે કહ્યું,"જો તમે ભારતના ઈતિહાસમાં ડોકિયું કરશો તો સંભાજી જેવા, છત્રપતિ શિવાજી જેવા એટલાં બધાં સુપરહીરો મળશે કે તેની સામે બધા જ સુપરહીરો હારી જશે. આપણે લોકોને આવી કથાઓ બતાવીએ તે જરૂરી છે. આપણે સાથે મળીને આવી કથાઓને સેલિબ્રેટ કરવી જોઈએ. હું હંમેશા કહું છું કે પશ્ચિમી દેશોને ઍવેન્જર્સ જેવા કાલ્પનિક હીરો બનાવવાની જરૂર છે, કારણ કે તેમની પાસે આવા સુપરહીરો નથી. આપણી પાસે તો અસલી સુપરહીરો છે." ફૅન્સને વિકી કૌશલની આ વાત બહુ ગમી હતી અને તેમણે આ વાત વખાણી હતી. ઈન્સ્ટાગ્રામ પર વાયરલ વિકી કૌશલની આ વીડિયો પર અનેક ફૅન્સે કમેન્ટ કરી હતી. 'છાવા' ફિલ્મ લક્ષ્મણ ઉટેકર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. જેમાં યેસુબાઈ ભોંસલેના રોલમાં રશ્મિકા મંદાના, મુગલ સમ્રાટ ઔરંગઝેબના રોલમાં અક્ષય ખન્ના, આશુતોષ રાણા સરસેનાપતિ હંબિરાવ મોહિતે તરીકે, દિવ્યા દત્તા સોયરાબાઈના રોલમાં જોવા મળશે. આ ઉપરાંત નીલ ભોપાલમ અને સંતોષ જુવેકર પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ પણ મડોક ફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે, જે ૬ ડિસેમ્બરે રિલીઝ થશે. આ દિવસે તેની સીધી ટક્કર રશ્મિકા મંદાનાની અન્ય ફિલ્મ 'પુષ્પા ૨' સાથે થશે.



એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના રિપોર્ટમાં આંધ્રપ્રદેશના

ગુજરાતના મુખ્યમંત્રી વધુ આવક મામલે દેશમાં છેક ૧૫ માં ક્રમે આવે છે, ચારે પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી માત્ર રૂ. ૧૫ લાખની સંપત્તિ સાથે સૌથી ઓછી સંપત્તિ ધરાવતા મુખ્યમંત્રી છે

# એન ચંદ્રબાબુ નાયડુ રૂ. ૯૩૧ કરોડથી વધુની સંપત્તિ સાથે ભારતના સૌથી ધનિક મુખ્યમંત્રી



। નવીદિલ્હી, તા.૩૧ ।

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ રૂ. ૯૩૧ કરોડથી વધુની સંપત્તિ સાથે ભારતના સૌથી ધનિક મુખ્યમંત્રી છે, જ્યારે પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી માત્ર રૂ. ૧૫ લાખની સંપત્તિ સાથે સૌથી ઓછી સંપત્તિ ધરાવતા મુખ્યમંત્રી છે. સોમવારે જાહેર કરાયેલા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સના રિપોર્ટમાં આ આંકડા સામે આવ્યા છે. ત્યારે ગુજરાતીઓને એ જાણવામાં રસ છે કે, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આ લિસ્ટમાં કેટલા ક્રમે છે. મોડેલ સ્ટેટ ગુજરાતના મુખ્યમંત્રીવધુ આવક મામલે દેશમાં છેક ૧૫ માં ક્રમે આવે છે. એટલું જ નહિ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સામે કોઈ ગુનો નોંધાયેલો નથી. બિન-લાભકારી અને બિન-રાજકીય સંસ્થા એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ દ્વારા સોમવારે જારી કરાયેલા અહેવાલ મુજબ, ભારતના કુલ ૩૧ મુખ્યમંત્રીઓ પાસે ૧,૬૩૦ કરોડ રૂપિયાની સંપત્તિ છે. આમાં, આંધ્રના મુખ્યમંત્રી અને કેન્દ્રમાં સત્તારૂઢ એનડીએ ગઠબંધનના ભાગીદાર નાયડુ મોખરે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રાજ્ય વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોના દરેક મુખ્યમંત્રીની સરેરાશ સંપત્તિ ૫૨.૫૯ કરોડ રૂપિયા છે. જ્યારે ૨૦૨૩-૨૦૨૪ માટે ભારતની માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય આવક આશરે રૂ. ૧,૮૫,૮૫૪ હતી. મુખ્યમંત્રીની સરેરાશ સ્વ-આવક ૧૩,૬૪,૩૧૦ રૂપિયા છે, જે ભારતની સરેરાશ માથાદીઠ આવક કરતાં લગભગ ૭.૩ ગણી છે.દેશના વિવિધ રાજ્યના ૩૧ મુખ્યમંત્રીમાંથી ૧૩ સામે ગુના નોંધાયેલા છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂષન્દ્ર પટેલ કોઈ જ ગુનાઈત ઈતિહાસ ધરાવતા નથી.



પ્રવાસીઓ શાહજહાં અને મુમતાઝ મહેલની વાસ્તવિક કબર જોઈ શકશે

# તાજમહેલમાં ૨૬ થી ૨૮ જાન્યુઆરી સુધી ફ્રી એન્ટ્રી

। આગ્રા, તા.૩૧ ।

મુગલ બાદશાહ શાહજહાંનો ૩૭૦મો ત્રણ દિવસીય ઉર્સ તાજમહેલ ખાતે ૨૬ થી ૨૮ જાન્યુઆરી દરમિયાન ઉજવવામાં આવશે. આ ત્રણ દિવસ દરમિયાન પ્રવાસીઓ અને તીર્થયાત્રીઓ માટે તાજમહેલમાં પ્રવેશ મફત રહેશે. ઉર્સ દરમિયાન પ્રવાસીઓને ભોંયરામાં સ્થિત શાહજહાં અને મુમતાઝની વાસ્તવિક કબરો જોવાનો મોકો પણ મળશે.તાજમહેલ બનાવનાર શાહજહાંનો ઉર્સ ઈસ્લામિક હિજરી કેલેન્ડરના રજબ મહિનાની ૨૫, ૨૬ અને ૨૭ તારીખે ઉજવવામાં આવે છે. તાજમહેલના મુખ્ય ગુંબજમાં પ્રવેશતી વખતે જે બે કબરો દેખાય છે તે સમ્રાટ અને તેની પત્ની મુમતાઝની મૂળ કબરોની પ્રતિકૃતિઓ છે. બંનેની વાસ્તવિક કબરો તેમની નીચે ભોંયરામાં છે, જ્યાં ઉર્સના ત્રણ દિવસ દરમિયાન ઉર્સની તમામ વિધિઓ થાય છે.સામાન્ય રીતે આખા વર્ષ દરમિયાન ભોંયરાના દરવાજા પ્રવાસીઓ માટે બંધ રહે છે. શાહજહાંનો ઉર્સ એકમાત્ર પ્રસંગ છે જ્યારે એએસઆઈ દ્વારા ભોંયરું ધાર્મિક વિધિઓ માટે ખોલવામાં આવે છે.

## ન્યૂઝ બ્રિફ



અલ્લુ અર્જુન અને તેની ફિલ્મ પુષ્પા ૨ તાજેતરમાં ઘણા કારણોસર ચર્ચામાં

### અલ્લુ અર્જુન વતી કોઈ પીડિતોના ઘરે ગયો હોત તો સારું થાત : પવન કલ્યાણ

। મુંબઇ, તા.૩૧ ।

અલ્લુ અર્જુન અને તેની ફિલ્મ પુષ્પા ૨ તાજેતરમાં ઘણા કારણોસર ચર્ચામાં છે. એક તરફ, જ્યાં ફિલ્મ દિવસેને દિવસે કમાણીના નવા રેકોર્ડ બનાવી રહી છે, તો બીજી તરફ, સંધ્યા થિયેટર સ્ટેમ્પેડ કેસ પછી, કલાકારો અને નિર્માતાઓ સામેની કાનૂની મુશ્કેલીઓ ઓછી થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. આ કેસમાં સુપરસ્ટારને ધરપકડનો સામનો પણ કરવો પડ્યો છે અને આ કેસમાં પૂછપરછના કારણે તેણે પોલીસ સ્ટેશનના ચક્કર લગાવવા પડ્યા છે. હવે આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે આ મામલે પ્રતિક્રિયા આપી છે. અભિનેતામાંથી રાજકારણી બનેલાએ કહ્યું કે જો અલ્લુ અર્જુનના પક્ષમાંથી કોઈ પીડિતોના ઘરે ગયો હોત તો સારું હોત, તો કદાચ આ બધું ન થયું હોત.૪ ડિસેમ્બરે નાસભાગ દરમિયાન રેવતી નામની ૩૯ વર્ષની મહિલાનું મોત થયું હતું. તેમનો ૮ વર્ષનો પુત્ર હજુ પણ હૈદરાબાદની હોસ્પિટલમાં દાખલ છે.

સતત ૨ ટેસ્ટમાં ભારતને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો

### મને લાગે છે કે રોહિત શર્માનું ફૂટવર્ક પહેલા જેવું નથી : રવિ શાસ્ત્રી

। મેલબોર્ન, તા.૩૧ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાઈ રહેલી પાંચ મેચોની ટેસ્ટ સિરીઝમાં પહેલી ટેસ્ટને બાદ કરતાં બાકીની ૩ ટેસ્ટ મેચોમાં ભારતનું પ્રદર્શન કંઈ ખાસ જોવા મળ્યું નથી. તેમજ સતત ૨ ટેસ્ટમાં ભારતને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો જ્યારે ૧ મેચ ડ્રો થઈ હતી.આ તમામ મેચોમાં ભારતીય ટોપ ઓર્ડર ફ્લોપ સાબિત થયો છે. જેમાં વિરાટ, રોહિત અને રાહુલ જેવા દિગ્ગજ ખેલાડીઓની વાત કરીએ તો આ તમામ મેચોમાં તેમનું કંઈ ખાસ પ્રદર્શન જોવા મળ્યું નથી. આ ખેલાડીઓ ૫૦નો આંકડો પણ પાર કરી શક્યા નથી. આ પ્રદર્શનને જોતા રવિ શાસ્ત્રી પણ ચાલુ મેચ દરમિયાન રિષભ પંત પર ભડક્યા હતા. ત્યારે હવે ચોથી ટેસ્ટમાં હાર બાદ વિરાટ અને કેપ્ટન રોહિતને લઈને મોટું નિવેદન આપ્યું છે. એટલું જ નહીં ઈરફાન પઠાણે પણ રોહિત માટે કહ્યું છે કે તેને કેપ્ટન હોવાને કારણે ટીમમાં સ્થાન મળે છે. નહીંતર રોહિત શર્મા હાલ ટીમમાંથી બહાર બેઠો હોત.ભૂતપૂર્વ ભારતીય કોચ રવિ શાસ્ત્રીનું માનવું છે કે વિરાટ કોહલી પાસે હજુ ૩-૪ વર્ષનું ક્રિકેટ બાકી છે.

### અભિનેત્રી રશ્મિકા મંદન્નાએ બે ફિલ્મોથી ૨૫૦૦ કરોડથી વધુની કમાણી કરી



। મુંબઇ, તા.૩૧ ।

અભિનેતા આયુષ્માન ખુરાના અને રશ્મિકા મંદન્ના પહેલીવાર ફિલ્મ થમામાં સાથે કામ કરશે. આયુષ્માન અને રશ્મિકા મંદન્નાએ સોમવાર (૩૦ ડિસેમ્બર) ના રોજ સેટ પરથી એક આરાધ્ય વિડિઓ શેર કર્યો. તેણે ચાહકોને "થામા-કેદાર રજા અને અદ્ભુત ૨૦૨૫"ની શુભેચ્છા પાઠવી. તેણે પોસ્ટના કેપ્શનમાં લખ્યું, "આશા છે કે તમે શાનદાર રજાની ઉજવણી કરી રહ્યાં છો. આ પોસ્ટ આ ફિલ્મની સત્તાવાર જાહેરાત બાદ આવી છે. હોરર કોમેડી બ્રહ્માંડમાં જોડાવા પર તેની ખુશી શેર કરતા, અભિનેતાએ અગાઉ એક પ્રેસ નોટમાં કહ્યું હતું કે, "હું ઉત્સાહિત છું કે દિનેશ વિજનને લાગે છે કે તેના બ્લોકબસ્ટર હોરર કોમેડી બ્રહ્માંડમાં 'થમા' તરીકે પ્રવેશ કરવો મારા માટે યોગ્ય છે." સ્ટ્રી ૨ હિન્દી સિનેમાના ઈતિહાસની સૌથી મોટી બોલિવૂડ ફિલ્મ બનવાની સાથે જ હું આ બ્રહ્માંડના વારસાનો એક ભાગ બનવા માટે રોમાંચિત છું.

કટરા-સાંજીછટ રોપવે પ્રોજેક્ટનો વિરોધ હવે વધી રહ્યો છે

# કટરામાં છેલ્લા પાંચ દિવસથી દુકાનો અને રેસ્ટોરાં જેવી આવશ્યક સેવાઓ બંધ છે

જમ્મુમાં કટરા-સાંજીછટ રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ આંદોલન ચાલુ । હવે સત્તાધારી નેશનલ કોન્ફરન્સ અને વિપક્ષ ભાજપના નેતાઓ પણ આ વિરોધના સમર્થનમાં આગળ આવ્યા

। શ્રીનગર,તા.૩૧ ।

માતા બૈષ્ણો દેવીની યાત્રા કરતા પહેલા સમાચાર જાણી લો. માતા વૈષ્ણોદેવી યાત્રાના રૂટ પર હિમવર્ષા થઈ છે, પરંતુ વાતાવરણ ગરમ છે. જમ્મુમાં કટરા-સાંજીછટ રોપવે પ્રોજેક્ટ વિરુદ્ધ આંદોલન ચાલુ છે. હવે સત્તાધારી નેશનલ કોન્ફરન્સ અને વિપક્ષ ભાજપના નેતાઓ પણ આ વિરોધના સમર્થનમાં આગળ આવ્યા છે. બહુ ઓછા ખાનગી વાહનો રસ્તા પર દોડી રહ્યા છે. દેખાવકારોએ વિવિધ સ્થળોએ કાળા ઝંડા લગાવ્યા છે.જમ્મુ-કાશ્મીરના ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરી પણ ભાજપના ધારાસભ્ય બલદેવ રાજ શર્માના પગમાં કૂદી પડ્યા છે. ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરીએ એલજી મનોજ સિન્હાને અપીલ કરી કે તેઓ વિરોધીઓ સાથે વાત કરે. રવિવારે કટરામાં પ્રદર્શનકારીઓને સંબોધતા




ડેપ્યુટી સીએમએ કહ્યું કે એલજી સાહેબ, તમારે આ લોકોની વાત સાંભળવી પડશે કારણ કે શ્રાઈન બોર્ડ તમારા હેઠળ છે. તેમણે એક કવિતા દ્વારા એલજીને સલાહ આપી હતી. સુરિન્દર ચૌધરીએ કહ્યું, 'ગરીબને ત્રાસ ન આપો, નહીં તો ગરીબ રડશે. જો તેના માલિકને ખબર પડી જશે, તો તે તમને કબરમાંથી પણ ખોદીને બહાર કાઢશે.તમને જણાવી દઈએ કે કટરામાં વિરોધ પ્રદર્શનમાં સ્થાનિક લોકોની સાથે દુકાનદારો, હોટલ, ઢાબા સંચાલકો, ટટ્ટુ-પાલકી ચાલકો સામેલ છે. સુરિન્દર શર્મા જ્યારે વિરોધીઓને સંબોધિત કરી રહ્યા હતા ત્યારે બીજેપી નેતા અજય નંદા અને ડીપીપીએના નેતા જુગલ શર્મા પણ ત્યાં હાજર હતા. ડેપ્યુટી સીએમએ કહ્યું કે તેઓ નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લા અને સીએમ ઓમર અબ્દુલ્લાના નિર્દેશ પર પ્રદર્શનકારીઓને મળવા આવ્યા છે અને તેઓ તેમને પરિસ્થિતિની જાણ કરશે. તેમણે કહ્યું કે આ મુદ્દો રાજકીય નથી, પરંતુ કટરાના લોકોનો છે. તેમની ભાવિ પેઢી કેવી રીતે ટકી શકશે?દરમિયાન, બીજેપી ધારાસભ્ય બલદેવ રાજ શર્માએ રોપવે પ્રોજેક્ટને રદ કરવાની અને પોલીસ કસ્ટડીમાં લેવામાં આવેલા લોકોને મુક્ત કરવાની માંગ કરી છે.

વીજ કંપની સામે એફઆઇઆર

# રાજસ્થાનમાં દુઃખદ અકસ્માત । વીજ કરંટ લાગવાથી 3 બાળકોના મોત

ઝાલાવાડમાં રવિવારે અલગ-અલગ ઘટનાઓમાં ઈલેક્ટ્રીક શોક લાગવાથી ત્રણ બાળકોના મોત થયા



। જયપુર, તા.૩૧ ।

રાજસ્થાનના કોટા અને ઝાલાવાડમાં રવિવારે અલગ-અલગ ઘટનાઓમાં ઈલેક્ટ્રીક શોક લાગવાથી ત્રણ બાળકોના મોત થયા હતા. પોલીસે જણાવ્યું કે કોટાના મહાવીર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટીચર્સ કોલોનીમાં ઈલેક્ટ્રિક વાયર પર ફસાયેલી પતંગને ઉતારવાનો પ્રયાસ કરી રહેલા કરણ (૧૧)નું ઈલેક્ટ્રિક શોક લાગવાથી મોત થયું હતું.પોલીસ સ્ટેશનના પ્રભારી મહેન્દ્રએ જણાવ્યું કે થોડા મીટર દૂર ઊભેલા તેનો ભાઈ રાહુલ (૯) પણ ઈલેક્ટ્રિક શોકને કારણે દાઝી ગયો હતો, પરંતુ સારવાર બાદ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ઝાલાવાડના અકલેરા શહેરમાં જ્યારે દેવકરણ મીના (૧૦) અને યશ (૮) તેમના ઘરની બહાર મેદાનમાં રમતા હતા ત્યારે તેમના પર હાઈ ટેન્શનનો ઈલેક્ટ્રીક વાયર પડ્યો હતો, જેના કારણે બંનેના મોત નીપજ્યા હતા.વાસ્તવમાં, રાજસ્થાનના કોટા અને ઝાલાવાડ જિલ્લામાં વીજળી પડવાથી ત્રણ બાળકોના કરૂણ મોત થયા હતા.

### ૧૩મી જુલાઈ અને ૫મી ડિસેમ્બરે સરકારી રજાઓ ન મળવાને લઈને હોબાળો

। જમ્મુ કાશ્મીર, તા.૩૧ ।

જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નરે ૨૦૨૫ દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશમાં જાહેર રજાઓની યાદી જાહેર કર્યા બાદ હોબાળો થયો છે. સત્તાધારી નેશનલ કોન્ફરન્સએ આ યાદીમાં ૧૩ જુલાઈ અને ૫ ડિસેમ્બરે રજાઓ ન હોવા અંગે નિરાશા વ્યક્ત કરી છે. પાર્ટીના પ્રવક્તા તનવીર સાદિકનું કહેવું છે કે આ નિર્ણય કાશ્મીરના ઈતિહાસ અને લોકતાંત્રિક સંઘર્ષ પ્રત્યે ભાજપની ઉદાસીનતા દર્શાવે છે. તે જ સમયે, ભાજપે કહ્યું કે એલજી દ્વારા સંકુચિત માંગને અવગણવી ખરેખર પ્રશંસનીય છે.હકીકતમાં, વર્ષ ૧૯૩૧માં ડોગરા મહારાજાના સૈનિકોની ગોળીઓથી શહીદ થયેલા ૨૩ સૈનિકોની યાદમાં ૧૩ જુલાઈએ જમ્મુ-કાશ્મીરમાં જાહેર રજા હતી. જ્યારે ૫ ડિસેમ્બરે નેશનલ કોન્ફરન્સના સ્થાપક શેખ અબ્દુલ્લાની જન્મજયંતિ નિમિત્તે રજા હતી. જો કે, વર્ષ ૨૦૧૯માં કલમ ૩૭૦ હટાવ્યા બાદ લેફ્ટનન્ટ ગવર્નરે આ બંને રજાઓ નાબૂદ કરી દીધી હતી. આના પર પ્રહાર કરતા ભાજપે કહ્યું કે આનાથી વધુ વિવાદાસ્પદ અને વિભાજનકારી કંઈ હોઈ શકે નહીં.

### જાહ્નવી કપૂર વારાણસીના ઘાટ પર પહોચીઃ ગંગા આરતીમાં ભાગ લીધો

। મુંબઇ,તા.૩૧ ।

જાન્હવી કપૂર અને રાજકુમાર રાવ તેમની ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. હાલમાં જ બંને વારાણસીના ગંગા ઘાટ પર ગયા હતા અને દશાશ્વમેધની આરતી કરી હતી. જાહ્નવી ભારતની ધાર્મિકતા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી સાડી પહેરીને ખૂબ જ સુંદર લાગી રહી હતી. આ દિવસોમાં જાન્હવી કપૂર તેની આગામી ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે.

અભિનેત્રીએ રાજકુમાર રાવ સાથે વારાણસીની મુલાકાત લીધી હતી.સ્ટાઈલિશ જાહ્નવીએ વાદળી સાડી પહેરીને દશાશ્વમેધ ઘાટ પર ગંગા આરતી કરી હતી.

આફ્રિકન દેશ ઈથોપિયામાં એક મોટી દુર્ઘટના

બાકીના હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા.સુત્રોના જણાવ્યા અનુસાર, ટ્રકમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા

# લગ્ન સમારોહમાં જઈ રહેલા લોકોથી ભરેલી ટ્રક નદીમાં પડી । ૭૧ના મોત

। ઈથોપિયા, તા.૩૧ ।

આફ્રિકન દેશ ઈથોપિયામાં એક મોટી દુર્ઘટના થઈ. અકસ્માતમાં એક ટ્રક પુલ પરથી નીચે નદીમાં પડી હતી. જેમાં ૭૧ લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં ૬૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે બાકીના હોસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા.સુત્રોના જણાવ્યા અનુસાર, ટ્રકમાં સવાર લોકો લગ્ન સમારોહમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. ટ્રક જૂની અને જર્જરિત હાલતમાં હતી. પુલ ક્રોસ કરતી વખતે ટ્રકે તેનું સંતુલન ગુમાવ્યું હતું અને નીચે નદીમાં પડી હતી. અકસ્માત અંગે સ્થાનિક લોકોએ જણાવ્યું કે આ વિસ્તારમાં અગાઉ પણ અનેક અકસ્માતો થયા છે. લોકોએ એમ પણ કહ્યું કે બ્રિજ અને આસપાસના રસ્તાઓની હાલત ખૂબ જ ખરાબ છે. આ



જગ્યાનું સમારકામ કરવા માટે તેમણે અગાઉ પણ પ્રશાસનને અપીલ કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી.આ દુર્ઘટના બાદ રાહત અને બચાવ કામગીરી પણ મોડી શરૂ કરવામાં આવી હતી. જેણે મામલો વધુ ગંભીર બનાવ્યો હતો. ઘાયલોને તાત્કાલિક મદદ ન મળી, જેના કારણે મૃત્યુઆંક વધુ વધ્યો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા દર્દીઓને સારી સારવાર માટે મોટી હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા હતા. લગ્ન સમારોહની ઉજવણી ઝડપથી શોકમાં ફેરવાઈ ગઈ. આ અકસ્માતે ઈથોપિયામાં રોડ સેફ્ટી, ઈમરજન્સી સર્વિસ અને કન્સ્ટ્રક્શનની ખામીઓને ઉજાગર કરી છે. આ ઘટના માત્ર મૃતકો અને ઘાયલોના પરિવારજનો માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક ઊંડી દુર્ઘટના બની ગઈ છે.ઈથોપિયાની સરકારે આ વર્ષે ૨૮ ફેબ્રુઆરીએ અહેવાલ આપ્યો હતો કે છેલ્લા છ મહિનામાં ઈથોપિયામાં ટ્રાફિક અકસ્માતમાં ઓછામાં ઓછા ૧,૩૫૮ લોકોના મોત થયા છે.

દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ | ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ભ્રષ્ટાચાર તપાસ કાર્યાલયે પુષ્ટિ કરી કે સિઓલ પશ્ચિમી જિલ્લા અદાલતે વોરંટને મંજૂરી આપી દીધી

# યુન સુક યેઓલ માટે ધરપકડ વોરંટ મંજૂર કર્યું

। કોરિયા, તા.૩૧ ।

દક્ષિણ કોરિયાની એક અદાલતે રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ માટે ધરપકડ વોરંટ મંજૂર કર્યું, તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું. રાષ્ટ્રપતિ યુન સુક યેઓલને માર્શલ લૉ લાદવાના નિર્ણયને કારણે ૩ ડિસેમ્બરના રોજ સત્તા પરથી મહાભિયોગ અને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સંયુક્ત તપાસ મુખ્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "સસ્પેન્ડેડ રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ માટે ધરપકડ વોરંટ અને સર્ચ વોરંટ મંગળવારે સવારે



સંયુક્ત તપાસ મુખ્યાલય દ્વારા જારી કરવામાં આવ્યું છે."ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ભ્રષ્ટાચાર તપાસ કાર્યાલયે પુષ્ટિ કરી કે સિઓલ પશ્ચિમી જિલ્લા અદાલતે વોરંટને મંજૂરી આપી દીધી છે. સ્થાનિક મીડિયા અનુસાર, દક્ષિણ કોરિયામાં વર્તમાન રાષ્ટ્રપતિ માટે આ પ્રથમ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું છે.દક્ષિણ કોરિયાના તપાસકર્તાઓએ યુન માટે ધરપકડ વોરંટની માંગ કરી હતી જો આ મહિને ટૂંકા ગાળાના માર્શલ લો લાદવામાં આવે છે. યુન સંભવિત બળવાના આરોપો પર ફોજદારી તપાસનો સામનો કરી રહ્યો છે. કોર્ટે આ મામલે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કરી દીધો છે.દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિએ રાત્રે એક ચોંકાવનારા નિર્ણયમાં દક્ષિણ કોરિયામાં પહેલીવાર માર્શલ લો જાહેર કર્યો હતો પરંતુ ભારે દબાણ બાદ તેને પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. તેમના સંબોધનમાં, યુને સરકારને નબળી પાડવાના વિપક્ષના પ્રયાસોને ટાંક્યા અને કહ્યું કે તેઓ "દેશવિરોધી દળોને કચડી નાખવા માટે લશ્કરી કાયદો જાહેર કરી રહ્યા છે." આ આદેશનો અર્થ એ થયો કે દેશ અસ્થાયી લશ્કરી નિયંત્રણ હેઠળ આવ્યો.દક્ષિણ કોરિયામાં કટોકટીની સ્થિતિ દરમિયાન માર્શલ લો લાદવામાં આવ્યો હતો, જેનો અર્થ છે દેશમાં અસ્થાયી શાસન, જે દરમિયાન દેશની કમાન્ડ સૈન્યના હાથમાં જાય છે. તેનું કારણ એવું કહેવાય છે કે ચૂંટાયેલી સરકાર પોતાનું કામ કરી શકતી નથી.













# વડોદરાના નવાપુરામાં એકના એક દીકરાનું હીંચકાના હુંકમાં ફસાઈ જતા મોત

। વડોદરા,તા.૩૧ ।

શહેરના નવાપુરા વિસ્તારમાં બન્યો માતા પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. હિંચકા ઉપર રમી રહેલ ૧૦ વર્ષના કિશોરનું ટાઈ હૂકમાં ફસાતા કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. પરિવાર એક સામાજિક પ્રસંગમાંથી પરત આવ્યો અને કિશોર હીંચકા ઉપર રમતો હતો. ત્યારે ટાંઈ હિંચકાના હુંકમાં ફસાઈ જતા કિશોરને ગળે ટૂંપો આવી ગયો હતો. કિશોરને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા મોત નિપજ્યું હતું. દુખદ બાબત એ છે કે, પટેલ પરિવારમાં વર્ષો પછી પુત્રનો જન્મ થયો હતો. એકના એક પુત્રનું અકાળે મોત નિપજતા પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું.પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા શહેરના નવાપુરા વિસ્તારમાં આવેલા લક્ષ્મી ફ્લેટમાં રહેતા ૧૦ વર્ષીય કિશોર ગતરોજ હિંચકા પર બેસીને હિંચકો ખાઈ રહ્યો હતો.

















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya